**સુવિચાર**

માણસ તરીકેની ગરિમા પ્રગટાવવા માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું. સન્માન એ પાત્રતાની શોભા છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૬/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ જેઠ વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૫૦


## અમરેલીનાં રાંઢીયા ગામે બનેલ ઘટનાથી ચકચાર મચી

# પુત્રવધુની હત્યા કરીને સસરાએ આત્મહત્યાનો કર્યો પ્રયાસ

**થોડા દિવસો પહેલા રાંઢીયા ગામે રહેતી પરિણીતાની તેમનાં પતિએ અમરેલીમાં હત્યા કરી બાદ આત્મહત્યા કર્યા બાદ અન્ય ઘટના બની**

**છેલ્લા થોડા મહિનાઓથી ગૃહકંકાસનાં કારણે હત્યાની ઘટનામાં વધારો થતાં સભ્ય સમાજ સ્તબ્ધ**

**આર્થિક સંકડામણ, કુટુંબમાં વડીલોનો અભાવ, ગૃહકંકાસ જેવા કારણોસર કુટુંબ કલેહનું પ્રમાણ વધ્યાનું અનુમાન**

**કૌટુંબિક માથાકૂટનાં કારણોસર વૃધ્ધે તેમની પુત્રવધુની હત્યા કરતા પોલીસે કાર્યવાહી શરૂ કરી**



અમરેલી, તા. ૮

અમરેલીનાં રાંઢીયા ગામે આજે સવારે પુત્રવધુની તિક્ષણ હથિયારો વડે હત્યા કરીને સસરાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યાની ઘટના બનતા તાલુકા પોલીસે ઘટના સ્થળે દોડીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

સમગ્ર પંથકમાં ચકચાર જગાવતી ઘટનાની વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં રાંઢીયા ગામે રહેતા સુભાનભાઈ અલીભાઈ પઠાણે કૌટુંબિક માથાકૂટનાં કારણે પોતાની જ પુત્રવધુ હલુબેન સિકંદરભાઈ પઠાણની તિક્ષણ હતિયારો વડે કરપીણ હત્યા કરીને બાદમાં તેઓએ પણ છરી વડે આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેઓને સારવારમાં ખસેડવામાં આવેલ છે.

આ બનાવ અંગે મૃતક મહિલાનાં ભાઈ યાસીનશા બફાતીશા પઠાણે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ રાંઢીયા ગામે રહેતી પરિણીતાની તેમના પતિએ અમરેલીમાં હત્યા કરીને તેમણે પણ આત્મહત્યા કરી લીધી હતી. ઉપરોકત પ્રકારે કુટુંબનાં સદસ્ય ધ્વારા


**અનુસંધાન પાના ૬ ઉપર**


## સુરત સ્થિત વૃધ્ધ ખેડૂતે પોલીસ અધિક્ષકને અરજી આપી

# અમરેલીનાં ચક્કરગઢ ગામે ૩૫ જેટલાં વૃક્ષોનું છેદન કરનાર સામે કાર્યવાહી કરવાં માંગ

**પાંચ વ્યકિતઓનાં નામજોગ અરજી આપીને કાર્યવાહી કરવાની માંગ કરી**

અમરેલી, તા. ૮

અમરેલીનાં ચક્કરગઢ ગામે ખાનગી જમીનનાં શેઢે આવેલ લીમડો, દેશી બાવળ, અને પીપરનાં ૩૫ જેટલા વૃક્ષોનું રાતો રાત છેદન કરની ખાનગી ફેકટરીમાં વેચાણ કર્યાનું બહાર આવતાં સુરત સ્થિત વૃધ્ધ ખેડૂત અને જમીનનાં માલીકે પોલીસ અધિક્ષકને જણાવીને નિયમાનુસાર કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે મુળ ચક્કરગઢનાં અને હાલ સુરત ખાતે રહેતાં નાનુભાઈ પાનસુરીયાએ પોલીસ અધિક્ષકને આપેલ લેખિત અરજીમાં જણાવેલ છે કે, અમારી જમીનોની કાચા રસ્તાની સાઈડ તરફનાં શેઢાપાળા પર વર્ષો પહેલા વૃક્ષો વાવેલ હતા. જેમાં લીમડો દેશી બાવળ, પીપળનાં આશરે ૩૫ જેટલા વૃક્ષો અમોએ ઉછેરલ હતા. અને તે વૃક્ષોની અમો દેખરેખ, સાર સંભાળ રાખતા હતા. અને તે વૃક્ષો અમો ફરીયાદીને ઘણાં ઉપયોગી હતા.


**અનુસંધાન પાના ૬ ઉપર**

















## લોકસભાની ચૂંટણીને હવે ગણતરીનાં મહિનાઓ બાકી રહ્યા હોય

# ભાજપ સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને ભાજપ દ્વારા કોંગીજનોનો પ્રવેશોત્સવ શરૂ

**કોંગ્રેસ પક્ષનાં અનેક આગેવાનો દ્વારા કેસરીયા કરવામાં આવી રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે**

**વિધાનસભાની ચૂંટણી બાદ કોંગ્રેસ પક્ષમાં હતાશાનો માહોલ હોય મહત્વાકાંક્ષી કે કૌભાંડી આગેવાનો ભાજપમાં જવા મજબૂર**

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસની નેતાગીરી બદલવાની પ્રક્રિયા ગોકળગાયની ગતિએ ચાલતી હોય કોંગ્રેસમાં રહેવું મુશ્કેલ**

**આગામી દિવસોમાં ભાજપનાં આગેવાનોએ જેને ભ્રષ્ટાચારી કહ્યા તેને પણ હોંશે હોંશે આવકારતા જોવા મળશે**

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ભાજપ સરકાર ધ્વારા બાળકોનો શાળા પ્રવેશોત્સવ આગામી દિવસોમાં શરૂ થઈ રહ્યો છે. ભાજપ ધ્વારા કોંગીજનોનો ભાજપમાં પ્રવેશોત્સવ પણ શરૂ થવાનો હોય સમગ્ર રાજયનાં રાજકારણમાં ગરમાવો આવી રહ્યો છે.

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીનાં મહિનાઓ બાકી રહ્યા હોય દરેક ચૂંટણી અગાઉ ભાજપ ધ્વારા કોંગ્રેસીજનો માટે ભાજપ પ્રવેશોત્સવ યોજાતો આવ્યો છે અને છેલ્લા બે દાયકામાં કોંગ્રેસનાં અનેક ધારાસભ્ય, સાંસદો કે અન્ય મહત્વનાં પદાધિકારીઓ કે હજારોની સંખ્યામાં કાર્યકરોને ભાજપમાં પ્રવેશ આપીને તમામને અણીયુધ્ધ કરી દેવામાં આવ્યા છે.

જયારે કોંગ્રેસમાં હોય ત્યારે ભ્રષ્ટાચારી અને તે જ વ્યકિત ભાજપમાં પ્રવેશે એટલે તે પવિત્ર થઈ જતાં હોય છે. જેમ ગંગા સ્નાન કરવાથી વ્યકિતનાં પાપ ધોવાઈ જતાં હોય છે તેમ ગમે તે પક્ષમાં રહીને અન્ય કોઈ ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર કર્યો હોય તે ભાજપનો કેસરીયો ધારણ કરે એટલે તેના કાળા કારનામા સફેદ થઈ જતાં હોવાથી સૌ કોઈ હોંશે હોંશે ભાજપમાં પ્રવેશ કરતાં હોય છે.

બીજી તરફ પ્રદેશ કોંગ્રેસથી લઈને તાલુકા કોંગ્રેસ સુધીની સમિતિ વિધાનસભાની ચૂંટણીમાં ઘોર પરાજય મળ્યા બાદ નિરાશામાં હોવાથી અનેક ઉત્સાહી અને મહત્વાકાંક્ષી નેતાઓ પણ હોંશે હોંશે ભાજપનાં પ્રવેશોત્સવનો લાભ લેતા જોવા મળ્યા હતા અને આગામી દિવસોમાં અનેક કોંગી નેતાઓ કેસરીયો ધારણ કરતાં જોવા મળશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

---

### એસ.પીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## સાવરકુંડલા તાલુકા અને ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મોબાઈલ ચોરીનાં આરોપી ઝડપાયા

**મુકેશ મકવાણા રે. સાવરકુંડલા અને કિશનસિંહ રાજપૂત રે. મીઠાપુરની અટકાયત**

અમરેલી, તા. ૮

સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશન અને ચલાલા પોલીસ સ્ટેશનમાં ઈ–એફ.આઈ.આર.થી નોંધાયેલ મોબાઈલ ચોરીનાં આરોપીઓને પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચે અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં સાવરકુંડલાનાં બાઢડા ગામેથી ટ્રક ચાલક ચંદ્રેશભાઈ ઓડેદરાનાં મોબાઈલ ચોરીનાં ગુન્હામાં પોલીસે ખાંભા ટી પોઈન્ટ નજીકથી મુકેશ શંભુભાઈ મકવાણા રે. સાવરકુંડલાની અટકાયત કરેલ છે.

જયારે, બીજા બનાવમાં ચલાલાનાં બીચ્છુભાઈ વાળાનાં મોબાઈલ ચોરી ગુન્હામાં કિશનસિંહ હરિસિંહ રાજપૂત રે. મીઠાપુરની અટકાયત કરેલ છે.





---

### ધારી નજીક આવેલ

## સરસીયા ગામે ફોન આપવાની ના પાડતા યુવકને છરી મારી ઈજા કરી

**ડીવાયએસપી વોરાએ તપાસ હાથ ધરી**

અમરેલી, તા. ૮

ધારી તાલુકાનાં સરસીયા ગામે રહેતા અને મજૂરી કામ કરતાં હિતેશભાઈ દિનેશભાઈ દાફડા નામનાં ૨૫ વર્ષિય યુવક ગત તા. ૫ નાં રોજ બપોરે દરણું દળાવવા ગયેલ ત્યારે તે જ ગામે રહેતા છોટુભાઈ રસુલભાઈ સીપાઈ નામનાં ઈસમે યુવક પાસે ફોન માંગતા યુવકે ફોન આપવાની ના પાડતા સામાવાળા છોટુભાઈ તથા સલીમભાઈ દાદાભાઈ સીપાઈએ યુવકને લાફા, છરી વડે માર મારી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાતા ડીવાયએસપી વોરાએ તપાસ હાથ ધરી છે.

---

### શિક્ષિકા શાળાએ જતાં હોય અકસ્માત નડયો

## ઉના : ગીરગઢડા માર્ગ ઉપર બાઈક અને ખાનગી બસ વચ્ચે અકસ્માત

**બાઈક ચાલક શિક્ષિકાને ગંભીર ઈજાઓ પહોંચી**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૮

ગીરગઢડાથી દ્રોણ ગામના રોડ પર અવાર નવાર નાના મોટા અકસ્માતો સર્જાતા હોવાની અનેક ઘટનાઓ બનતી રહેતી હોય છે.

ત્યારે કોડીનાર તાલુકાના આલીદર ગામે રહેતા અને ગીરગઢડા તાલુકાનાં ઈટવાયા ગામે શિક્ષિકાની ફરજ બજાવતા મિત્તલબેન અનિલભાઈ વૈંશ ઈટવાયા ગામે શાળાએ જતાં હોય ત્યારે ગીર ગઢડા દ્રોણ રોડ પર સામેના ભાગેથી પુર ઝડપે આવી રહેલ ખાનગી બસનાં ચાલકે મિત્તલબેનને અડફેટે લેતા હાથ પગ અને ખભાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોય અને લોકોનાં ટોળે ટોળા એકઠાં થયા હતા અને સર્જાયેલ અકસ્માતની સ્થાનિકો દ્વારા જાણ ૧૦૮ને કરવામાં આવતા ૧૦૮નાં ઈએમટી વરુણ કે. પંડયા અને પાયલોટ અશ્વિન ચાવડા તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ ૧૦૮ની મદદથી અકસ્માતમાં ઈજા પામનાર મિત્તલબેનને ઉનાની ખાનગી હોસ્પિટલે ખસેડેલ હતા.

---

### નરાધમ સુરજ ઉર્ફે ભુવાજી સોલંકી સહિતનાં આરોપીઓ સામે રોષ

## અમરેલીનાં કોળી સમાજ દ્વારા જુનાગઢની દીકરી ધારાની હત્યા કરનાર આરોપીઓને ફાંસીની સજા આપવા માંગ

### કોળી સમાજનાં આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું





અમરેલી, તા. ૮

કાળજુ કંપાવી દેનાર જુનાગઢની દીકરી ધારા કડીવારની ઠંડા કલેજે નિર્મમ હત્યા કરનાર નરાધમ આરોપીઓને સમાજમાં દ્રષ્ટાંતરૂપી ફાંસીની સજા આપવા તેમજ તેમનાં પરિવારને આર્થિક સહાય ચુકવવા આજે અમરેલી જિલ્લા કોળી સમાજ ધ્વારા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવેલ હતું.


પ્રાપ્ત વિગત મુજબ એક વર્ષ પહેલા ગુમ થયેલ જુનાગઢની દીકરી ધારા કડીવારની આયોજનપૂર્વક કાવતરૂ રચી બેરહેમીપૂર્વક હત્યા નિપજાવનારા નરાધમ સુરજ ઉર્ફે ભુવાજી લાખા સોલંકી, યુવરાજ લાખા સોલંકી, મુકેશ બિજલ સોલંકી, ગુંજન જીતેન્દ્રભાઈ જોષી, સંજય મહેશ સોહેલીયા, મીત આનંદશાહ, જુગલ આનંદશાહ, મોના આનંદશાહ સહિત આઠ આરોપીઓની પોલીસ ધ્વારા ધરપકડ કરવામાં આવેલ હતી. બેરહેમીથી નિર્મમ હત્યાની ઘટનાએ સમગ્ર ગુજરાત સાથે ભારતભરમાં મિડીયા મારફત ભારે ચકચાર મચાવેલ હતી. કાવતરૂ રચી આયોજનબધ્ધ ઘટનામાં પુરાવાનો નાશ કરવા લાશને પણ સળગાવી નાખવામાં આવેલ હતી. જેના સમસ્ત સમાજમાં ઘેરા પડઘા પડેલ હતા. આવા નિર્દયી–નરાધમ આરોપીઓ સામેની તમામ કાનૂની કાર્યવાહી અને તપાસનીશ બાહોશ અધિકારી અમદાવાદનાં પોલીસ ઝોન–૭નાં ડીસીપી જાડેજાની રાહબરી હેઠળ કરવામાં આવે. સમાજમાં ફરી આવો બનાવ ન બને તે માટે મંત્ર, તંત્ર, જાદુ–ટોના કરી યુવાધનને ગેરમાર્ગે દોરનારા ઢોંગીઓને ખુલ્લા પાડી કડક કાયદો લાવવાની તેમજ આવા નરાધમોને ફાંસીની સજા આપવાની માંગ કરવામાં આવી છે.

---

### બાબરા કોર્ટમાં કેસ ચાલી જતાં

## બગસરા : ચેક રીટર્ન કેસમાં આરોપીને નિર્દોષ છુટકારો

**આરોપી તરફે એડવોકેટ અશોક પંડયાની દલીલો સફળ**



વકિલ : અશોક પંડયા

બાબરા, તા.૮

બાબરાની મેજિસ્ટ્રેટની કોર્ટમાં રૂપિયા ૨૫ લાખના કેસમાં સુરતના એલઆઈસી એજન્ટનો નિર્દોષ છુટકારો થયો હતો. આ કેસની વિગતો એવા પ્રકારની છે કે ગઢાળા તાલુકો વિછીયાના કાથડભાઈ લખમણભાઈ સોરઠીયાને હાલ સુરત મુળ ઈંગોરાળા ગામનાં એલઆઈસી એજન્ટ ચિરાગ મનસુખભાઈને મિત્રતાના નાતે નાણાની લેતી દેતીમાં રૂપિયા ૨૫ લાખ પુરા ૨૦૨૦ની સાલમાં ચેક આપેલ હતો. જે ચેક અપૂરતી રકમનાં શેરાનાં કારણે રિટર્ન થતા ચિરાગ મનસુખભાઈ ઠેસિયાની સામે નેગોસિબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ બાબરા કોર્ટમાં ફોજદારી કેસ નંબર ૨૫૨/૨૦૨૦ થી દાખલ કરેલ હતો. આ કેસ બાબરાનાં જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ એસ.સી.વાઘેલા સમક્ષ ચાલી જતા આરોપી ચિરાગ મનસુખભાઈ ઠેસીયા તરફે બગસરાનાં એડવોકેટ એન્ડ નોટરી અશોક પંડયાએ આ નાણાકીય વ્યવહાર કાયદેસરનાં લેણા પેટેનો ચેક ન હતો તેવા ગુજરાત હાઈકોર્ટનાં જજમેન્ટો તથા દલીલો કોર્ટ માન્ય રાખી ફરિયાદ પક્ષ આ નાણાં કાયદેસરના લેણા હતા. તે પેટે અપાયો હતો. તે સાબિત કરવામાં નિષ્ફળ જતા કોર્ટ આરોપી ચિરાગ મનસુખભાઈ ઠેસીયાને તા. ૬/૬/૨૦૨૩ ના રોજ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.






---

### જાફરાબાદ નજીક આવેલ

## નાગેશ્રી ટોલનાકા ઉપર ટ્રક અથડાવી રૂા. ૨ લાખ ઉપરાંતનું નુકસાન કરાયું

**ટોલનાકાનાં કર્મચારીએ ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૮

ગીરગઢડા તાલુકાનાં ધોકડવા ગામે રહેતા મેરૂભાઈ હમીરભાઈ ગોહિલ નામનાં ટ્રક નં. જી.જે.–૩૬–ટી ૫૫૨૫ નાં ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક પુરઝડપે ચલાવી જાફરાબાદ તાલુકાનાં નાગેશ્રી ગામ નજીક આવેલ ટોલનાકાની લાઈન નં. ૯ સાથે અથડાવી દઈ વે બ્રીજની સીસ્ટમની એસેસરીઝમાં તથા ટાવર વીથ જંકશન વિગેરેમાં રૂા. ૨,૧૦,૦૦૦નું નુકસાન કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

## ગીર સોમનાથ SOG એ ગાંજાનો જથ્થો ઝડપ્યો, અમદાવાદ કનેકશન સામે આવ્યું

ઉના, તા. ૮

ગુજરાતમાં દારૂની સાથે હવે નશીલા પદાર્થોનો પણ વેપલો ધમધમી રહ્યો છે. જોકે પોલીસ અને એજન્સીઓ પણ ડ્રગ્સ, ચરસ અને ગાંજા જેવા નશીલા પદાર્થોનો કારોબાર અટકાવવા માટે કામગીરી કરી રહ્યાં છે. ત્યારે ગીર સોમનાથ એસ.ઓ.જી.એ ગાંન જથ્થા સાથે બે વ્યકિતઓને ઝડપી પાડયા છે. આ ગાંજાના જથ્થામાં અમદાવાદનું કનેકશન પોલીસ તપાસમાં સામે આવ્યું છે.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પ્રાપ્ત વિગત અનુસાર, ગીર સોમનાથ એસ.ઓ.જી.ની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન એ.એસ.આઈ. ઈબ્રાહિમશા બાનવા તથા હેડ કોન્સટેબલ સુભાષ ચાવડાને ગાંજાના જથ્થા અંગે સંયુકત બાતમી મળી હતી. બાતમી આધારે તાલાળા સાસણ રોડ પર આવેલા ઈન્ડિયન પેટ્રોલપંપ પાસેથી જીજે ૦૮ એવી ૦૨૬૦ નંબરની રિક્ષાને અટકાવીને તલાસી લેતા ડ્રાઈવર સીટ નીચેના ભાગેથી કાળા કલરનાં પ્લાસ્ટિકની થેલીમાંથી ગાંજો મળી આવ્યો હતો. રીક્ષામાંથી ગાંજો મળી આવતા પોલીસ દ્વારા એફએસએલની ટીમને જાણ કરવામાં આવી હતી. સ્થળ પર આવીને એફએસએલની ટીમે નશીલા પદાર્શની ચકાસણી કરતાં ગાંજાનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રીક્ષામાંથી કુલ ૧૮૦૦ ગ્રામનો ગાંજો ઝડપી પાડયો હતો. જેની અંદાજીત કિંમત રૂપિયા ૧૮૦૦૦ જેટલી થાય છે. પોલીસે ગાંજાના જથ્થા સહિત કુલ રૂા. ૮૩, ૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને સલીમ ઉર્ફે મેરુ કાસમભાઈ દલ અને સતાર મહમદ દોમાનને ઝડપી પાડયા હતા. આ બંને આરોપીને ગાંજાનો જથ્થો અમદાવાદનાં સલાટનગરમાં રહેતી મદીનાબીબીએ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ તાલાળા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. અગાઉ અમદાવાદમાં મદીનાબીબી એન.ડી.પી.એસ.નાં બે ગુન્હાઓમાં સંડોવાયેલી હોવાનું સામે આવ્યું છે. ત્યારે ગીર સોમનાથ એસઓજીએ મદીનાબીબીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટ્રસ્ટીઓ આનંદથી ઝૂમી ઉઠયા

# બાબરામાં વિવેકાનંદ વિદ્યાલયનું ધો. ૧૦નું શ્રેષ્ઠ પરિણામ

**વિવેકાનંદ વિદ્યાલયનાં પાંચ જેટલા વિદ્યાર્થીઓ સમગ્ર તાલુકામાં આગ્રેસર**

**વિદ્યાલયનાં ૨૬ જેટલા વિદ્યાર્થીઓને ૯૦ અને પાંચ વિદ્યાર્થીઓને ૯૯ પી.આર.**

**મધ્યમકક્ષાનાં શહેરમાં આવેલ વિદ્યાલયમાં મહાનગરો જેવી ઉત્તમકક્ષાની શિક્ષણ વ્યવસ્થા**

**ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા, આચાર્ય સમીરભાઈ દવે અને પ્રકાશભાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા**

બાબરા, તા. ૮

બાબરામાં ઉમિયાનગર વિસ્તારમાં વર્ષોથી કાર્યરત ખાનગી શાળા શ્રી વિવેકાનંદ વિદ્યાલયનું ધોરણ ૧૦નું ૮૨.૭૧% જેટલું ઉજજવળ પરિણામ આવતા શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને મેનેજમેન્ટ વિભાગ આનંદથી ઝૂમી ઉઠયા હતા અને મીઠાઈ વિતરણ અને આતશબાજી કરી પરિણામની ખૂશી વ્યકત કરી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા વિવેકાનંદ વિદ્યાલયમાં ધોરણ ૧૦નાં પરિણામમાં સમગ્ર બાબરા તાલુકામાં શાળાના પાંચ જેટલા વિદ્યાર્થીઓ પ્રથમ આવ્યા છે. તેમજ પાંચ જેટલા વિદ્યાર્થીઓ ૯૯ પ્લસ પીઆર મેળવ્યા છે તેમજ ૯ જેટલા વિદ્યાર્થીઓએ ૯૫ પ્લસ પીઆર મેળવ્યા છે અને ૧૨ જેટલા વિદ્યાર્થીઓ ૯૦ પ્લસ પીઆર મેળવી ભવ્ય સફળતા પ્રાપ્ત કરી છે. આમ કુલ શાળાના ૨૬ જેટલા વિદ્યાર્થીઓએ ૯૦ પ્લસ પીઆર મેળવી રેકર્ડ બ્રેક પરિણામ આપતા શાળા પરિવારમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

વિવેકાનંદ વિદ્યાલયનાં મુખ્ય ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા, આચાર્ય સમીરભાઈ દવે અને એચઓડી પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી ધ્વારા તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉત્તમ પરિણામ બદલ અભિનંદન પાઠવ્યા હતા.


### રાજુલા નજીક આવેલ

## નાની ખેરાળી પાસે વિદેશી દારૂ ભરેલ પીકઅપ વાન સાથે ૧ આરોપીની અટકાયત

**વિદેશી બોટલ મળી રૂા. 3.30 લાખનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા. ૮

અમરેલી એલસીબી પોલીસ સ્ટાફ ગઈકાલે રાત્રીનાં સમયે રાજુલા પંથકમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે તેમને મળેલ બાતમીનાં આધારે રાજુલાનાં ખેરાળી ગામ નજીક વોચ ગોઠવી પીકઅપ વાન નં. જી.જે.–૦૧ ડીવી ૪૯૭૪ને રોકી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની બોટલ નંગ–૮૪ કિંમત રૂા. ૨૫૨૦૦ તથા આરોપી દડુભાઈ છગનભાઈ શિયાળ પાસેથી મોબાઈલ ફોન કિંમત રૂા. ૫ હજાર મળી કુલ રૂા. ૩,૩૦,૨૦૦નાં મુદામાલ સાથે અટકાયત કરેલ. જયારે



૧ આરોપી જસુભાઈ ભાભલુભાઈ ભુકણ રે. લુસડી (તા. મહુવા) તથા ખાંભાના જગુભાઈ ભીખુભાઈ બાબરીયાની શોધખોળ આદરી છે.

### દામનગર નજીક આવેલ

## દહીંથરા ગામે ગોડાઉનમાં રાખેલ એલ્યુમીનીયમનાં ૬૦ કિલો વાયરની ચોરી

**રૂા. ૨૪,૨૦૦નાં વાયર ચોરીની નોંધાઈ ફરિયાદ**

અમરેલી, તા. ૮

અમરેલીનાં હનુમાનપરામાં રહેતા રવિભાઈ નાનજીભાઈ જાદવનાં દામનગર નજીક આવેલ દહીંથરા ગામે આવેલ ગોડાઉનમાં કોઈ ચોર ઈસમે પ્રવેશ કરી એલ્યુમીનીયમનાં વાયર ૬૦ કિલો કિંમત રૂા. ૨૪,૨૦૦નો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાઈ છે.

### તાલુકા કોંગી મહામંત્રી પ્રવિણભાઈ કમાણીની માંગ

## અમરેલીની ભાગોળે ૫૦ વર્ષથી વસવાટ કરતાં નાગરિકોનાં મકાનોને કાયદેસર કરો

**કલેકટરને પત્ર પાઠવીને યોગ્ય કરવા માંગ કરી**

અમરેલી, તા. ૮

અમરેલી બાયપાસનાં વિસ્તારને નગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો પણ વર્ષોથી આ ઓજી વિસ્તારને ગ્રામપંચાયત કે શહેરી વિસ્તારનો વર્ષોથી સમાવેશ કરવામાં આવ્યો ન હતો. જયારે આ ઓજી વિસ્તારને નગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો પણ તે વિસ્તારને સરકારી નિયમ મુજબ રહેણાંક મકાનોને કાયદેસર કરવામાં આવ્યાં નથી. ૧૯૫૦ પહેલાથી તમામ લોકો પોતાની ખેતીની માલિકીની જમીનમાં મકાનનાં બાંધકામ કરીને રહેશે તો આવા વિસ્તારને કાયદેસર કરવામાં આવે જેવા કે સાવરકુંડલા રોડ, ચક્કરગઢ રોડ, લીલીયા રોડ, કેરિયા રોડ, બાયપાસ રોડની આજુબાજુનાં વિસ્તાર સર્વે કરીને વરસો જુના પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવે તેવી માંગ અમરેલી તાલુકા કોંગી મહામંત્રી પ્રવિણભાઈ કમાણીએ કલેકટરને પત્ર પાઠવીને કરી છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-3, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫
પ્રવેશની ઉત્તમ તક...
ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
F.Y.B.Com. SEMESTER - I | S.Y.B.Com. SEMESTER - III | T.Y.B.Com. SEMESTER - V | M.Com. SEMESTER - I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થવાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮













ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU
- ૧૦૦% ચેલેન્જથી કામ
- હસ્તરેખા, લગ્નમાં વિલંબ
- લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
- મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
- નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
- ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
- એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
- પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
- મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
- શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત
મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


















અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
100% કોમર્સ
ધોરણ - ૧૧/૧૨ કોમર્સ (ગુજરાતી મીડીયમ)
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફ્રી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 50% |
| 90 થી 95 P.R. સુધી | 40% |
| 85 થી 90 P.R. સુધી | 25% |
| 65 થી 85 P.R. સુધી | 15% |
| 50 થી 65 P.R. સુધી | 10% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર...
કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથે અભ્યાસ...
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ ૧૧ કોમર્સથી CA FOUNDATION ની તૈયારી કરાવતી સંસ્થા
એડમીશન મેળવવા માટે તુરંત સંપર્ક કરો
નિકુંજ ગઢવાલા ■ મો. ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ■ મો. ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્ડની પાછળ, નારાયણનગર, અમરેલી.

### સામાન્ય વર્ગને ફરી નિરાશ થવાનો વારો આવ્યો

# કેન્દ્રીય બેંકે રેપો રેટ ૬.૫ ટકાએ યથાવત રાખ્યો, કોઈ રાહત નહીં

## આરબીઆઈએ મે ૨૦૨૨થી અત્યાર સુધીમાં કુલ ૭ વખત વ્યાજ દરોમાં ૨.૫૦%નો વધારો કર્યો છે, શક્તિકાંત દાસે કહ્યું હતું કે ભારતીય અર્થતંત્ર મજબૂત છે

નવી દિલ્હી, તા.૮

ભારતીય રિઝર્વ બેંક આજે ૧૦ વાગ્યે પોતાની ક્રેડિટ પોલિસીની જાહેરાત કરતાં રેપો રેટ ૬.૫૦ ટકાએ યથાવત રાખ્યો હતો. મહત્વનું છે કે ગત ૬ જૂનથી આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીની બેઠક ચાલી રહી હતી. જેના નિર્ણયની આજે જાહેરાત કરવામાં આવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે આ બીજી દ્વિમાસિક મોનિટરી પોલિસી બેઠક ૬થી ૮ જૂન વચ્ચે આયોજીત કરવામાં આવી હતી. RBI ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતાવાળી આ કમિટી દ્વારા સર્વાનુમતે રેપો રેટને યથાવત રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આરબીઆઈએ મે ૨૦૨૨થી અત્યાર સુધીમાં કુલ ૭ વખત વ્યાજ દરોમાં ૨.૫૦%નો વધારો કર્યો છે. આજે પોલિસીની જાહેરાત દરમિયાન શક્તિકાંત દાસે કહ્યું હતું કે ભારતીય અર્થતંત્ર મજબૂત છે. હવે રેપો રેટ ફરી એકવાર ૬.૫% પર યથાવત છે. આ સાથે રિવર્સ રેપો રેટ ૩.૩૫% પર છે. આજે વ્યાજ દરોમાં કોઈ ફેરફાર ન થવાને કારણે, MSF દર અને બેંક દર ૬.૭૫% પર યથાવત છે. જ્યારે, SDF દર ૬.૨૫% પર યથાવત છે. શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪માં મોંઘવારી RBIના લક્ષ્યાંકથી ઉપર રહી શકે છે. તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪માં મોંઘવારી દર ૪%થી ઉપર રહી શકે છે. ગવર્નરે કહ્યું કે માર્ચ અને એપ્રિલમાં છૂટક મોંઘવારી દરમાં ઘટાડો થયો છે. જણાવી દઈએ કે આરબીઆઈએ મોંઘવારી દર ૪% અથવા તેનાથી નીચે રાખવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આમાં ૨% ઉપર અથવા નીચેનું માર્જિન પણ છે. પોલિસી રેપો રેટમાં ગત બેઠકમાં યથાસ્થિતિ જાળવ્યા બાદ વ્યાજદ દરોમાં મિશ્ર પ્રવૃત્તિ જોવા મળી છે. RBI ના ડેટા દ્વારા ખબર પડે છે કે SCB ના નવા રુપિયાની લોન પર સરેરાશ વ્યાજ દર ૨૩ આધાર અંકથી ઘટીને માર્ચ ૨૦૨૩માં ૯.૩૨ ટકાથી એપ્રિલ ૨૦૨૩માં ૯.૦૯ ટકા થઈ ગયો છે. એસસીબીના ફંડ આધારિત વ્યાજ દરની ૧ વર્ષની સરેરાશ મર્યાદા મે ૨૦૨૩માં ૮.૬૦ ટકા પર યથાસ્થિતિ રહી હતી. મોંઘવારી વચ્ચી પીસાતા સમાન્ય માણસ માટે વ્યાજ દરનું ભારણ સતત આકરું બની રહ્યું છે ત્યારે મોટાભાગે લોકો આશા રાખે છે કે કેન્દ્રીય બેંક આ વખતે બેઠકમાં વ્યાજ દરોમાં ઘટાડો કરવાનો નિર્ણય કરશે. અહીં નોંધનીય છે કે ગત દ્વિમાસિક મોનેટરી પોલિસી બેઠક દરમિયાન પણ ઘટાડાની શક્યતા જોવાતી હતી પરંતુ આરબીઆઈ દ્વારા રેપો રેટ યથાવત રાખવામાં આવ્યો હતો. આ નિર્ણય MPC ના સદસ્યોની સર્વસમ્મતિથી લેવામાં આવ્યો હતો. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર આ વખતની મોનેટરી પોલિસી બેઠકમાં શું નિર્ણય લેવામાં આવી શકે છે? તે બાબતે કરવામાં આવેલા એક પોલમાં ૬૪ અર્થશાસ્ત્રીઓએ આશા વ્યક્ત કરી હતી કે બેઠક પૂર્ણ થવા પર રેપો રેટમાં કોઈ ફેરફારની જાહેરત કરવામાં નહીં આવે. બ્રોકરેજ ફર્મ રિલાયન્સ સિક્યોરિટીઝનું માનવું છે ૬.૫૦ પર રેપો રેટ યથાવત રાખવામાં આવી શકે છે. રેપો રેટ તે વ્યાજ દર છે કે જેના પર ભારતમાં રાષ્ટ્રીયકૃત સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકો RBI પાસેથી નાણાં ઉછીના લે છે. મોંઘવારી વધ્યા પછી, RBI રેપો રેટમાં વધારો કરે છે, જ્યારે ફુગાવાનો દર ઘટે છે ત્યારે તેને ઘટાડે છે. રિવર્સ રેપો રેટ એ વ્યાજ દર છે જેના પર જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો તેમની થાપણો આરબીઆઈ પાસે રાખે છે. રેપો રેટનો અર્થ એ છે કે જ્યારે વ્યાપારી બેંકોને ભંડોળની અછતનો સામનો કરવો પડે છે, ત્યારે તેઓ આરબીઆઈ દ્વારા માન્ય સિક્યોરિટીઝ જેમ કે ટ્રેઝરી બિલ્સ (તેમની વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર મર્યાદાથી ઉપર) વેચીને એક દિવસ માટે આરબીઆઈ પાસેથી લોન લે છે. આરબીઆઈ Repo Rateને ઘટાડવા અથવા વધારવા માટે દર બે મહિનાના અંતરાલ પર દ્વિ-માસિક સમીક્ષા કરે છે. આ સમીક્ષા RBIની મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં કરવામાં આવી છે.

MPCની બેઠક સામાન્ય રીતે ત્રણ દિવસ માટે યોજવામાં આવે છે, પરંતુ ખાસ સંજોગોમાં, તે પણ એક દિવસમાં પૂર્ણ થાય છે. તેવી જ રીતે, દ્વિ-માસિક સમીક્ષા સામાન્ય રીતે બે મહિનાના અંતરાલ પર યોજાય છે, પરંતુ ખાસ સંજોગોમાં તે હોઈ શકે છે. એક મહિનાના અંતરાલ પર કરવામાં આવે છે. જેમ કે, તે મે ૨૦૨૨ માં કરવામાં આવ્યું હતું. અગાઉ, આરબીઆઈએ પોલિસી વ્યાજ દર નક્કી કરવા એપ્રિલ મહિનામાં દ્વિ-માસિક સમીક્ષા કરી હતી. તદનુસાર, જૂનમાં દ્વિ-માસિક સમીક્ષા થવી જોઈતી હતી, પરંતુ આરબીઆઈએ અર્થતંત્રમાં રોકડના પ્રવાહને રોકવા અને લોનને મોંઘી કરીને ખર્ચ ઘટાડવા માટે મે મહિનામાં જ નીતિગત વ્યાજ દરોની સમીક્ષા કરવા MPCની બેઠક બોલાવી હતી અને વ્યાજ દરોમાં ૦.૪૦ ટકા અથવા ૪૦ બેસિસ પોઈન્ટ્સનો વધારો કરવામાં આવ્યો હતો.

### ઓડિશા રેલ અકસ્માત બાદ ભારે ખળભળાટ

# છેલ્લા એક વર્ષમાં દેશમાં ૫૧ હજાર વાર રેલવે સિગ્નલ બગડ્યાં

## રેલવેની ઇન્ટર લોકિંગસિસ્ટમ સિગ્નલ સિસ્ટમમાં મોટા પ્રમાણે ખરાબી થતી હોવાની વિગતો મળી

નવી દિલ્હી, તા.૮

ઓડિશામાં થયેલ ટ્રેન અકસ્માતને કારણે બધાને આઘાત લાગ્યો છે. રેલવેમાં પણ આ અકસ્માત બાદ ખળભળાટ મચી જવા પામ્યો છે. ઓડિશામાં જે જગ્યાએ અકસ્માત થયો એ જગ્યાએ ઈન્ટર લોકિંક સિસ્ટમમાં બગાડ થયો હોવાનો રિપોર્ટ આપવામાં આવ્યો છે. આ રિપોર્ટ અંતર્ગત પ્રાથમિક તપાસમાં ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમમાં બગડ્યું હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી બાજુ રેલવેની કામગીરી પર ચિંતા થાય તેવા આંકડા સામે આવ્યા છે. પાછલાં એક વર્ષમાં દેશમાં લગભગ ૫૧ હજાર વાર સિગ્નલ બગડ્યું હોવાની જાણકારી મળી છે.સમાચાર માધ્યમો દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસાર રેલવેની ઈન્ટર લોકિંગસિસ્ટમ સિગ્નલ સિસ્ટમમાં મોટા પ્રમાણે ખરાબી થતી હોવાની વિગતો મળી છે. રેલવેના ઈન્ટિગ્રેટેડ કોચિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (આઈસીએસએમ) પર સિગ્નલ ખરાબ થવાના આંકડા પરિસ્થિતિ બહુ ખરાબ છે તેમ એક વેબ પોર્ટલમાં જણાવવામાં આવ્યું છે. આ અંગે મળતી વધુ વિગતો મુજબ છેલ્લાં એક વર્ષમાં ૫૧ હજાર ૨૩૮ વખત સિગ્નલ બગડ્યું છે. માત્ર એપ્રિલ મહિનામાં જ દેશના તમામ ૧૭ ઝોનમાં આવેલ રેલવે વિભાગોમાં સિગ્નલ બગડ્યા હોવાની ૪૫૦૬ ઘટનાઓ નોંધાઈ છે.નવા બનાવવામાં આવેલ ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર પર એપ્રિલ મહિનામાં ૩૭૪ વાર સિગ્નલ બગડ્યું છે. બીજી બાજુ લખનવ, મુરાદાબાદ, દિલ્હી, અંબાલા અને ફઈરોઝપૂર રેલવે વિભાગનો સમાવેશ થાય છે એવા ઉત્તર રેલવેમાં સૌથી વધુ ૧૧૨૭સિગ્નલ બગડ્યાં હોવાની વિગતો જાણવા મળી છે. આમંથી પાંચ ઝોન રેડઝોનમાં છે. રેલવે ખાતા દ્વારા દર મિહને ઝોન પ્રમાણે અહેવાલ તૈયાર કરવામાં આવે છે.એક રિપોર્ટ મુજબ દેશમાં સિગ્નલમાં ખતો બગાડ એ ચિંતાનો વિષય છે. મે ૨૦૨૨માં ૫૦૧૬, જૂનમાં ૪૭૫૪, જુલાઈમાં ૫૨૦૪, ઓગષ્ટમાં ૪૩૪૬, સપ્ટેમ્બરમાં ૪૫૪૮, ઓક્ટોબરમાં ૪૩૪૦, નવેમ્બરમાં ૩૯૦૦, ડિસેમ્બરમાં ૩૯૨૫, જાન્યુઆરીમાં ૩૬૦૫, ફેબ્રુઆરીમાં ૩૧૮૧, માર્ચમાં ૩૯૧૪ અને માર્ચ મહિનામાં ૩૯૧૪ વાર સિગ્લન બગડ્યું છે તેવી નોંધ થઈ છે.

### સાયક્લોન બિપરજોયે વૈજ્ઞાનિકોની ચિંતામાં વધારો કર્યો

# રાજયમાં આગામી દિવસોમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી

## રાજ્યમાં શુક્રવાર, શનિવાર, રવિવારે તમામ જિલ્લાઓમાં ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા

અમદાવાદ, તા.૮

અરબ સાગરમાંથી ઉત્પન્ન થયેલા સાયક્લોન બિપરજોયેહવામાન વિભાગના વૈજ્ઞાનિકોની ચિંતામાં વધારો કર્યો છે. આગામી ૨૪ કલાકની અંદર જ ગુજરાત રાજયમાં મોટાપાયે વાતાવરણમાં પલટો આવી શકે છે. આની ગંભીર અસર પણ દરિયાકાંઠાના જે વિસ્તારો પર થશે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે બુધવારે સવારે લગભગ ૫.૩૦ વાગ્યે સાયક્લોન બિપરજોયનું લોકેશન ગોવાના વેસ્ટ - સાઉથ - વેસ્ટમાં લગભગ ૮૯૦ કિલોમીટર દૂર હતું. તે હવે નોર્થ તરફ વધારે પ્રયાણ કરશે એવી આગાહી કરાઈ છે.

આઈએમડીએ કહ્યું કે ઈસ્ટ- સેન્ટ્રલ અરબ સાગર અને આસપાસના વિસ્તારોમાં ૯૦-૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી પવન ફૂંકાય છે. સાયક્લોન બિપરજોયના કારણે બુધવારે સાંજ સુધી હવાઓની ગતિ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની હોઈ શકે છે. જ્યારે નોર્ધન કેરળ-કર્ણાટક-ગોવાના કિનારાઓ પર ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આઈએમડીએ ગત દિવસે સાંજે જણાવ્યું કે શુક્રવારથી ગુજરાતમાં બિપરજોય સાયક્લોનની અસર વધી શકે છે, સુસવાટા મારતા પવન સાથે વાવાઝોડું ફુંકાઈ શકે છે. જોકે આ ચક્રવાતની અસર પશ્ચિમી કિનારા પરના રાજ્યોમાં જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે ધોધમાર વરસાદને કારણે આ વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના પણ આપવામાં આવી છે.

આઈએમડીની આગાહી મુજબ ગુજરાત રાજ્યમાં શુક્રવાર, શનિવાર અને રવિવારે ગુજરાતના તમામ જિલ્લાઓમાં ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. સુરત, નવસારી, ડાંગ, વલસાડ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જેવા જિલ્લાઓમાં આ ત્રણ દિવસ વીજળીના કડાકા, વાવાઝોડાની સાથે હળવા વરસાદની શક્યતા છે. ૧૧ અને ૧૨ જૂનના દિવસે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં એલર્ટ અપાયું છે. અહીં દરિયામાં મોટા મોટા મોજા ઉછળી શકે છે. હવામાનમાં ફેરફારને કારણે મહત્તમ તાપમાન નીચું રહ્યું છે, શહેરનું મહત્તમ ૩૯ ડિગ્રી સેલ્સિયસ સામાન્ય કરતાં ૧. ૭ ડિગ્રી ઓછું હતું. લઘુત્તમ ૨૮. ૮ ડિગ્રી સામાન્ય કરતાં ૦. ૮ ડિગ્રી વધુ હતું. બુધવારના રોજ આઈએમડીની આગાહીમાં જણાવવામાં આવ્યું હતું કે, 'આગામી ચાર-પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય તેવી સંભાવના છે. બુધવારે ૪૨. ૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાને સુરેન્દ્રનગર ગુજરાતનું સૌથી રહ્યું હતુ. ત્યારબાદ રાજકોટ ૪૧. ૫ ડિગ્રી સેલ્સિયસ અને અમરેલીમાં ૪૧. ૨ ડિગ્રી સેલ્સિયસ તાપસાન નોંધાયું હતું.

ગાંધીનગરમાં રિલિફ કમિશનર આલોક કુમાર પાંડેએ બુધવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સાયક્લોન બિપરજોયના કારણે ઉત્પન્ન થયેલી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે. આ મોટાભાગે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોને અસર કરે તેવી શક્યતા છે. બુધવારે ગાંધીનગરમાં વેધર વોચ ગ્રુપની બેઠક મળી હતી, જેમાં વિવિધ વિભાગો અને હવામાન વિભાગના અધિકારીઓએ હાજરી આપી હતી. પાંડેએ કહ્યું કે ૧૫ એનડીઆરએફટીમો અને ૧૧ એસડીઆરએફટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે. માછીમારોને ૧૪ જૂન સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

### Facebook અને Instagramની મોટી જાહેરાત

# યૂઝર્સે દર મહિને ૬૯૯ રૂપિયા ચૂકવવા પડશે

## કંપનીએ કહ્યું, મેટા વેરિફાઇડ સર્વિસ ભારતમાં ઇન્સ્ટાગ્રામ અથવા ફેસબુક પર ખરીદી માટે ઉપલબ્ધ છે

નવી દિલ્હી, તા.૮

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ ચલાવતી જાણીતી સોશિયલ મીડિયા કંપની મેટાએ હવે ભારતમાં તેની વેરિફિકેશન સર્વિસ શરૂ કરી છે. કંપનીએ આ પેઈડ સર્વિસ આ વર્ષે ફેબ્રુઆરીમાં લોન્ચ કરી હતી.

કંપનીએ જણાવ્યું કે ભારતમાં એન્ડ્રોઈડ અને iOS યુઝર્સને વેરિફિકેશન બેજ એટલે કે બ્લુ ટિક માટે દર મહિને ૬૯૯ રૂપિયા ચૂકવવા પડશે. આ ઉપરાંત, M^a^a એ તેના નિવેદનમાં એ પણ માહિતી આપી છે કે તે આગામી થોડા મહિનામાં વેબ પર ૫૯૯ રૂપિયા પ્રતિ મહિનાના દરે વેરિફાઈડ સેવા શરૂ કરવાની યોજના બનાવી રહી છે. કંપનીએ કહ્યું, 'મેટા વેરિફાઈડ સર્વિસ ભારતમાં ઈન્સ્ટાગ્રામ અથવા ફેસબુક પર ખરીદી માટે ઉપલબ્ધ છે. લોકો આ સેવા iOS અને Android પર ૬૯૯ રૂપિયા પ્રતિ મહિનાના દરે મેળવી શકે છે. થોડા મહિનામાં, અમે ૫૯૯ રૂપિયા પ્રતિ મહિનાના દરે વેબ વર્ઝનનો વિકલ્પ પણ રજૂ કરીશું. વેરિફાઈડ એકાઉન્ટની સેવાનો લાભ લેવા માટે, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ યુઝર્સે તેમના (ફેસબુક અથવા ઈન્સ્ટાગ્રામ) એકાઉન્ટને સરકારી આઈડી કાર્ડથી વેરિફાઈ કરવું પડશે. તમને જણાવી દઈએ કે M^a^a એ આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં તેની પેઈડ સબસ્ક્રિપ્શન સર્વિસ M^a^a Verified લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. કંપનીએ તે સમયે આ સેવા ફક્ત યુએસમાં જ ઉપલબ્ધ કરાવી હતી. આ પછી તેને યુકેમાં ૧૬ માર્ચે અને કેનેડામાં ૩૧ માર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. હવે લેટેસ્ટ અપડેટમાં જાણવા મળ્યું છે કે આ સુવિધા ભારતીય વપરાશકર્તાઓ માટે પણ શરૂ કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે પેઈડ વેરિફાઈડ એકાઉન્ટને કંપની તરફથી ઘણી વિશેષ સુવિધાઓનો લાભ આપવામાં આવશે. આનાથી ગ્રાહકોના અનુભવને સુધારવામાં મદદ મળશે. તમને જણાવી દઈએ કે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટરે વેરિફાઈડ એકાઉન્ટ્સ માટે માસિક ફી વસૂલવાનું શરૂ કર્યું છે. ટ્વિટર વેબ પર વેરિફિકેશન માટે દર મહિને રૂ. ૬૫૦ ચાર્જ કરે છે, જ્યારે ભારતમાં Android અને iOS મોબાઈલ ઉપકરણો માટે Twitter Blue ની કિંમત રૂ. ૯૦૦ છે.

### કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ

# પૂર્વ ધારાસભ્યની ટ્વીટે રાજ્ય પ્રદેશ પ્રમુખનો વિવાદ ચર્ચામાં

## ગ્યાસુદ્દીન શેખે, જનપ્રશ્નો માટે લડવાની ક્ષમતા ધરાવનાર વ્યક્તિને ગુજરાતના પ્રમુખ બનાવવા માટે ભલામણ કરી

ગાંધીનગર, તા.૮

દેશમાં જ્યારે આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કંગાળ પ્રદર્શન કરનાર કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમા ઉપર હોય તેમ પાર્ટીના નેતાઓ વચ્ચે બધુ બરોબર ચાલી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ નથી. ગુજરાત પૂર્વ ધારાસભ્ય તેમજ કોંગ્રેસના દિગ્ગજ નેતાએ ગઈકાલે દિલ્હી પહોચ્યા બાદ રાત્રે એક ટ્વિટ કરી હતી જેને લઈને ફરી એકવાર રાજકારણ ગરમાયુ છે. આ ટ્વિટમાં તેણે કોંગ્રેસના રાષ્ટ્રિય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે તેમજ પ્રિયંકા ગાંધીને અને રાહુલ ગાંધીને ટેગ કર્યા હતા.

ગુજરાતમાં કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણી પહેલાં જગદીશ ઠાકોરને પ્રદેશ પ્રમુખ બનાવ્યા હતા પરંતુ તેમના નેતૃત્વમાં કોંગ્રેસનો સૌથી ખરાબ પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ તરફ જગદીશ ઠાકોરને જ્યારથી ગુજરાતના પ્રદેશ પ્રમુખ બનાવ્યા ત્યારથી કોંગ્રેસમાં અંદરો-અંદર નારાજગી તેમજ મતભેદ ચાલી રહ્યો છે ત્યારે હવે ગુજરાતના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા ગ્યાસુદીન શેખે ગઈકાલે રાત્રે એક ટ્વિટ કરીને હાઈકમાન્ડે પોતાની વિવેકબુદ્ધિ અને સર્વેક્ષણના આધારે કોંગ્રેસની વિચારધારા સાથે પ્રતિબદ્ધ, પાયાના કાર્યકરોને માન આપનાર, જનપ્રશ્નો માટે લડવાની ક્ષમતા ધરાવનાર વ્યક્તિને ગુજરાતના પ્રમુખ બનાવવા જોઈએ તેવી ભલામણ કરતા ગુજરાત કોંગ્રેસમાં ભૂકંપ આવી ગયો છે.

આ એક ટ્વિટથી ગુજરાત કોંગ્રેસના રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને વર્તમાન પ્રદેશ પ્રમુખ સામે પ્રશ્નો ઉભા થયા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. એક તરફ ગઈકાલે સાંજે કોંગ્રેસના નેતાઓની દિલ્હીમાં બેઠક મળી હતી ત્યારે હવે આ ટ્વિટથી આવનાર દિવસોમાં ગુજરતમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ બદલાય તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગઈકાલે સાંજે કોંગ્રેસના નેતાઓની દિલ્હી ખાતે મળેલી બેઠકમાં રાષ્ટ્રિય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે સહિતના નેતા હાજર રહ્યા હતા. આ ઉપરાંત અર્જુન મોઢવાડીયા, શક્તિસિંહ ગોહિલ, શૈલેષ પરમાર, દિપક બાબરીયા, તુષાર ચૌધરી સહિતના નેતાઓ બેઠકમાં ભાગ લેવા પહોચ્યા હતા.

### કેન્દ્રના નવ વર્ષની સિદ્ધિઓની પ્રધાને માહિતી આપી

# દેશમાં ૫ વર્ષમાં ૨૦૦થી વધુ એરપોર્ટ, હેલિપોર્ટ અને સી પ્લેન હશે : સિંધિયા

## ૨૦૧૪ સુધી ૭૪ એરપોર્ટ હતા, આ સંખ્યા વધીને ૧૪૮ થઈ, સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યા ૧૪.૫ કરોડ થઈ

નવી દિલ્હી, તા.૮

નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગઈકાલે જણાવ્યું હતું કે ભારતમાં આગામી પાંચ વર્ષમાં ૨૦૦થી વધુ એરપોર્ટ, હેલિપોર્ટ અને સી પ્લેન હશે અને ભારતીય એરલાઈન્સ આ સમયગાળા દરમિયાન ૧,૪૦૦થી વધુ વધારાના એરક્રાફ્ટનો ઓર્ડર આપશે.

કેન્દ્ર સરકારના નવ વર્ષના કાર્યકાળમાં ઉડ્ડયન ક્ષેત્રમાં થયેલા કામોની માહિતી આપવા માટે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં સિંધિયાએ કહ્યું હતું કે ભારતમાં ૨૦૧૪ સુધી ૭૪ એરપોર્ટ હતા અને હવે આ સંખ્યા વધીને ૧૪૮ થઈ ગઈ છે.

તેમણે કહ્યું કે ભારતમાં ૨૦૧૩-૧૪માં છ કરોડ સ્થાનિક હવાઈ મુસાફરો હતા. હવે આ સંખ્યા ૧૩૫ ટકા વધીને ૧૪.૫ કરોડ થઈ ગઈ છે. તેવી જ રીતે આ સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરોની સંખ્યા ૫૦ ટકા વધીને ૪.૭ કરોડ થઈ ગઈ છે.

સિંધિયાએ આ અંગેની વધુ માહિતી આપતા જણાવ્યુ હતું કે આ સિવાય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને ફ્લાઈટમાં માલસામાનનો ટ્રાફિક ૬૫ ટકા વધતા તે ૨૨ લાખ ટનથી ૩૬ લાખ ટન થઈ ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રગતિશીલ નીતિઓને કારણે આપણે વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઉડ્ડયન બજાર બની ગયા છીએ.

આ ઉપરાંત તેમણે કહ્યું કે ૨૦૧૪માં ભારતીય એરલાઈન્સ પાસે એરક્રાફ્ટની સંખ્યા ૪૦૦ હતી જે હવે વધીને ૭૦૦ થઈ ગઈ છે અને તેમાં ૭૫ ટકાનો વધારો થયો છે. એર ઈન્ડિયાએ ૭૦ અબજ ડોલરમાં ૪૭૦ એરક્રાફ્ટનો ઐતિહાસિક ઓર્ડર આપ્યો છે. એવી અપેક્ષા છે કે ભારતીય એરલાઈન્સ આગામી પાંચ વર્ષમાં વધારાના ૧,૨૦૦થી ૧,૪૦૦ એરક્રાફ્ટનો ઓર્ડર આપશે તેમ સિંધિયાએ જણાવ્યુ હતું.

નાગરિક ઉડ્ડયન મંત્રી માહિતી આપતા વધુમાં કહ્યું કે આગામી પાંચ વર્ષમાં એરપોર્ટ, હેલીપોર્ટ અને વોટર એરપોર્ટની સંખ્યા વધીને ૨૦૦થી વધુ થઈ જશે તેમજ ૨૦૧૪માં માત્ર ત્રણ ગ્રીનફિલ્ડ એરપોર્ટ હતા જે હવે ૧૧ વધુ તૈયાર છે અને ૧૦ વધુ મંજૂર કરવામાં આવ્યા છે. એ જ રીતે ૨૦૧૪માં ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં નવ એરપોર્ટ હતા અને તેની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે.

આ ઉપરાંત આગામી પાંચ વર્ષમાં ઉડ્ડયન ક્ષેત્રમાં એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરાશે અને ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ડોમેસ્ટિક પેસેન્જરોની સંખ્યા ૪૫ કરોડ થઈ જશે જેમાં વર્તમાન આંકડાથી ૩૦૦ ટકાનો વધારો થઈ શકે છે.

હાલમાં છ મહાનગરોમાંના એરપોર્ટની સંયુક્ત વાર્ષિક ક્ષમતા ૨૨ કરોડ મુસાફરોની છે. નવી મુંબઈ અને ગ્રેટર નોઈડા એરપોર્ટ પર કામગીરી શરૂ થયા બાદ ક્ષમતા લગભગ બમણી થઈને ૪૧.૫ કરોડ થઈ જશે.

### ઓડિશા રેલ દુર્ઘટનાને પગલે રેલવેની સતર્કતા

# મુંબઈ અને અમદાવાદ વચ્ચે કવચ સિસ્ટમ લગાવાશે

## પશ્ચિમ રેલવેના તમામ રેલવે સ્ટેશન પર ઈન્ટર લોકિંગ અને સિગ્નલની તપાસ કરવામાં આવશે

અમદાવાદ, તા.૮

ઓડિશા રેલ દુર્ઘટના બાદ રેલવે તંત્ર સતર્ક બન્યું છે. જેને લઈ હવે મુંબઈ અને અમદાવાદ વચ્ચે રેલવે દ્વારા કવચ સિસ્ટમ લગાવવામાં આવશે. મહત્વનું છે કે, મુંબઈ અને અમદાવાદ વચ્ચે કવચ સિસ્ટમ લગાવવા જાહેરાત કરવામાં આવી છે. જેને લઈ હવે આગામી ડિસેમ્બર સુધીમાં કવચ સિસ્ટમ ઈન્સ્ટોલ કરાશે. નોંધનીય છે કે, તાજેતરમાં જ ઓડિશામાં રેલ દુર્ઘટનામાં ૨૭૫ લોકોના મોત થયા હતા. જે બાદમાં હવે રેલવે તંત્ર સતર્ક બન્યું છે. મુંબઈ અને અમદાવાદ વચ્ચે રેલવે તંત્ર દ્વારા કવચ સિસ્ટમ લગાવવા જાહેરાત કરવામાં આવી છે. મહત્વનું છે કે, અમદાવાદથી મુંબઈ વચ્ચે ૫૨૨ કિમીનો રેલ રૂટ છે. જેને લઈ હવે આગામી દિવસોએ ૫૨૨ કિમીની રેલ લાઈન પર રેલવે તંત્ર દ્વારા કવચ સિસ્ટમ લગાવાશે . નોંધનીય છે કે, આ સિસ્ટમ સિગ્નલ ક્રોસ કરવા ઉપર એલર્ટ કરશે. ઓડિશા રેલ દુર્ઘટના બાદ હવે રેલવે તંત્ર હરકતમાં આવ્યું છે. રેલવે દ્વારા ઈન્ટર લોકિંગ અને સિગ્નલની તપાસ કરાશે. આ સાથે ૧૪ જૂન સુધી તપાસ કરી રિપોર્ટ કરવા આદેશ કરાયો છે. ઓડિશા જેવી દુર્ઘટના ન બને તે માટે રેલ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવશે. જેને લઈ ઈન્ટરલોકિંગ અને સિગ્નલની તપાસ કરવા આદેશ જાહેર કરાયો છે. જેના ભાગરૂપે પશ્ચિમ રેલવેના તમામ સ્ટેશનો પર ચકાસણી કરવામાં આવશે. મુંબઈ ડિવિઝનના સુરત, ઉધના, ભેસ્તાન, મરોલી, નવસારી, વાપી, વલસાડમાં ચકાસણી કરાશે.

### ભાજપ શાસિત ભાવનગર મનપા ફરી વિવાદમાં

# ડ્રેનેજની લાઇનમાં ભ્રષ્ટાચાર મામલે ૧૧ અધિકારીઓ અને કર્મચારીઓને નોટિસ

## વાસ્તવમાં ભાવનગર નગરપાલિકામાં ૨૦૧૯ માં અમૃતની ગ્રાન્ટ માંથી ૪૧ કરોડ રૂપિયાના ખર્ચે ડ્રેનેજ લાઈન નાખવામાં આવી હતી

ભાવનગર, તા.૮

ભાજપ શાસિત ભાવનગર મહાનગરપાલિકા ફરી એક વખત વિવાદમાં આવી છે. વર્ષ ૨૦૧૯માં ૪ ગામનો ભાવનગર મહાનગરપાલિકાની હદમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેને લઈ આ ચારેય ગામોમાં ૬૧ કિલોમીટર લાંબી ડ્રેનેજ લાઈન નાંખવા માટે ૪૧ કરોડ ફાળવવામા આવ્યા હતા. જો કે, સમયમર્યાદા ૩ વર્ષ પહેલાં પૂર્ણ થઈ ચૂકી છે તેમ છતાં ડ્રેનેજ લાઈનનું કામ હજુ અધૂરૂં છે અને પ્રોજેક્ટમાં અનેક ગંભીર બેદરકારી પણ બહાર આવી છે. એવામાં સમગ્ર મામલે ભ્રષ્ટાચારની આશંકાને પગલે મ્યુનિસિપલ કમિશ્નરે તપાસના આદેશ આપ્યા છે. કામમાં વિસંગતતા હોવા છતાં ભાવનગર મહાનગરપાલિકાના અધિકારીઓએ સહી કરીને મંજૂરી આપી દીધી હોવાની પણ શંકા છે. આ કારણોસર ૧૧ અધિકારીઓ અને કર્મચારીને નોટિસ આપી ૧૫ દિવસમાં ખુલાસો કરવા આદેશ કરાયો છે. વાસ્તવમાં ભાવનગર નગરપાલિકામાં ૨૦૧૯ માં અમૃતની ગ્રાન્ટ માંથી ૪૧ કરોડ રૂપિયાના ખર્ચે ડ્રેનેજ લાઈન નાખવામાં આવી હતી. ભાવનગર શહેરમાં સમાવેશ થયેલ સીદસર, તરસમ્યા, રુવા અને અકવાડા ગામમાં ડ્રેનેજ લાઈન નાખવાની હતી પરંતુ ધીમી કામગીરી અને અધિકારીઓની બેદરકારી બદલ કરોડો રૂપિયાના કામમાં અનેક ક્ષતિઓ બહાર આવતા મનપા કમિશનરે તપાસના આદેશ આપ્યા છે. ૧૫ દિવસમાં મનપાના ૧૧ અધિકારી અને કર્મચારીને કરોડો રૂપિયાના કામમાં બેદરકારી બદલ ખુલાસો આપવા નોટિસ અપાઈ છે. ૪૧ કરોડના ખર્ચે ૬૦ કિલોમીટરની ડ્રેનેજ લાઈન નાખવાની હતી જેની સમય મર્યાદા બે વર્ષ પહેલાં જ પૂર્ણ થઈ ગઈ છે ત્યારબાદ એક વર્ષ વધારાની મુદત પણ આપાઈ હતી જે પણ પૂર્ણ થઈ ચૂકી છે પરંતુ હજી સુધી કામ અધૂરું જ છે સાથો સાથ આ કામમાં એજન્સી દ્વારા ખરાબ કામગીરી કરી હોવાની અનેક ફરિયાદો મહાનગરપાલિકાને કરવામાં આવી હતી જેને લઈ મનપાની મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં જવાબદાર અધિકારીઓને આડે હાથ લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ સમગ્ર મામલે ભ્રષ્ટાચારની ગંધ આવતા મનપા કમિશનર એન.વી ઉપાધ્યાય દ્વારા તપાસના આદેશ અપાયા હતા.

### કેરળમાં ચોમાસાની એન્ટ્રી

# ચોમાસુ ૩-૪ દિવસમાં કર્ણાટક-તમિલનાડુ પહોંચશે

## મહારાષ્ટ્ર-ગોવામાં એક સપ્તાહ બાદ ચોમાસું દસ્તક આપી શકે, ઉત્તર ભારતમાં ચોમાસું મહિનાના અંત સુધી પહોંચશે

નવી દિલ્હી, તા.૮

આજથી કેરળમાં મેઘરાજાની એન્ટ્રી થઈ ચૂકી છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે, કેરળમાં ચોમાસું ૧ જૂનની બેસવાની સંભાવના હતી જે સામાન્ય તારીખથી ૭ દિવસ મોડું છે. હવે તે આગામી ત્રણ-ચાર દિવસમાં કર્ણાટક અને તમિલનાડુ પહોંચે તેવી શક્યતા છે. મહારાષ્ટ્ર અને ગોવામાં એક સપ્તાહ બાદ ચોમાસું દસ્તક આપી શકે છે. તે જ સમયે, ઉત્તર ભારતમાં ચોમાસું આ મહિનાના અંત સુધીમાં રાજધાની દિલ્હીમાં પહોંચવાની સંભાવના છે. દેશમાં ચોમાસાનો પ્રથમ વરસાદ કેરળમાં થયો છે. આ વખતે દેશમાં ચોમાસું એક સપ્તાહ મોડું થયું છે. જો કે હવામાનશાસ્ત્રીઓ કહે છે કે, આનાથી વરસાદ પર કોઈ અસર નહીં થાય. હવામાન વિભાગે આ વખતે ચોમાસું સામાન્ય રહેવાની આગાહી કરી છે.

હવામાન વિભાગની વાવાઝોડાની આગાહીને પગલે

# ઉનાનાં નવા બંદર, સૈયદ રાજપરા બંદર ખાતે બે નંબરનું સિગ્નલ લગાવાયું

## ૮૦૦થી વધુ બોટ કિનારે લાંગરી દેવાઈ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૮

ગુજરાત રાજયમાં હવામાન વિભાગની આગાહીને લઈ તં૦ એલર્ટ જોવા મળી રહ્યું છે. ત્યારે અરબી સમુદ્રમાં વાવાઝોડું સક્રીય થયું છે જે આગળ વધતું હોવાને કા ણે સૌરાષ્ટ્રનાં વેરાવળ, નવાબંદર, સૈયદ રાજપરા બંદરને એલર્ટ આપવામાં આવ્યું છે અને નવાબંદર દરિયા કિનારા પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હતું. તેને દૂર કરી બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. ત્યારે સમગ્ર ગુજરાત રાજયમાં હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે અને વાવાઝોડાની આગાહીને લઈને તંત્રને પણ એલર્ટ કરવામાં આવ્યું છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લો દરિયાકાંઠાનો જિલ્લો ગણવામાં આવે છે.

ત્યારે અરબી સમુદ્રમાં સર્જાયેલ ચક્રવાત બિપરજોયને લઈ દરિયામાં અંદર કરંટ હોય જેથી દરિયાના મોજા ઉછળતા હોય ત્યારે નવાબંદરનાં દરિયા કિનારે બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. અને આ વાવાઝોડું નવા બંદર સૈયદ રાજપરા બંદરને અસર કરે તો સાગર ખેડૂને ભારે નુકસાન થવાની શકયતા માચ્છીમારો દ્વારા કરવામાં આવી હતી. ત્યારે નવાબંદર દરિયા કિનારે કુલ ૪૬૯ જેટલી બોટો તેમજ સૈયદ રાજપરા બંદર પર અંદાજિત ૪૦૦ જેટલી બોટો મળી કુલ બં ન બંદરો પર ૮૬૯ જેટલી બોટો દરિયા કિનારે લાંગરી દેવામાં આવી હતી.

તેમજ સ્થાનિક ફિશરીઝ ઓફિસની બહારનાં ભાગે સુચન બોર્ડ લગાવી દેવામાં આવ્યું છે. તંત્ર દ્વારા દરિયાકાંટે વસતા ગામડાને એલર્ટ કરવામાં આવ્યા છે. નવાબંદર અને સૈયદ રાજપરા બંદર દરિયા કિનારા પર આવેલું છે. આ ગામમાં મોટી સંખ્યમાં માચ્છીમારો રહે છે અને અન્ય ગામોનાં ધંધાર્થીઓ પણ રહે છે. જેથી વાવાઝોડાને પગલે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેથી સ્થાનિક તંત્ર દ્વારા દરિયાઈ પટ્ટી વિસ્તારનાં ગામોને જાણ કરવામાં આવી છે. હાલ ઉના તાલુકા પંથકના વિસ્તારમાં વરસાદી વાતાવરણ નથી. પરંતુ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીનાં પગલે તંત્ર દ્વારા ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા છે અને નવાબંદર ખાતે બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

# સા.કુંડલાનાં કૃષ્ણકુમારસિંહ ગોહિલનું આર્ટ ગેલેરી તાઈવાનમાં ફેશન ઈલ્યુશન



સાવરકુંડલા, તા. ૮

તાઈવાન સ્થિત તાઈપેઈ શહેરમાં ફેશન ઈલ્યુશન આર્ટ ગેલેરીમાં સાવરકુંડલા શહેરનાં કૃષ્ણકુમારસિંહજી ગોહિલનું ફેશન ઈલ્યુશન શામેલ. આ ફેશન ઈલ્યુશન તાઈવાન આર્ટિસ્ટ સાન્ગના ટકે દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. તાઈપેઈ શહેરનાં અર્બન સિલેકટમાં વિશ્વના હજારો આર્ટિસ્ટો દ્વારા કલાઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણકુમારસિંહજી ગોહિલનું ફેશન ઈલ્યુશન આર્ટ ગેલેરીમાં શામેલ કરવામાં આવ્યું.

માચ્છીમારોને મેડિકલ સારવાર ઝડપથી મળે તે માટે

# જાફરાબાદ બંદર ખાતે દરિયાઈ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવા માંગ

## સાગરખેડૂ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રજુઆત



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા.૮

ગુજરાતનાં ૧૬૦૦ કીમી દરિયામાં દર વર્ષે ૧૦૦ થી વધારે માછીમારો અકસ્માત, ઈજા, હાર્ટએટેક, અન્ય બીમારી જેવી મેડિકલ કટોકટી સમયે દરિયામાં મેડિકલ સુવિધા સમયસર ન મળતાં મૃત્યુ થવાનાં બનાવો બનેલ છે. તેથી જો તેઓને દરિયાઈ એમ્બ્યુલન્સ સ્પીડ બોટ મેડિકલ ૧૦૮ ની સેવા પુરી પાડવામાં આવે તો ખલાસીઓનાં જીવન બચાવી શકાય છે.

દરિયામાં દરિયાઈ મેડિકલ સ્પીડ બોટ ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ ચાલુ કરવાની માંગણી સાથે અને દરિયાકાંઠે ફાળવણીની માંગણી સાથે ૨૦૧૪,૨૦૧૫ ના વર્ષમાં દરિયાનો દાયરો કાનુની સહાય કેન્દ્ર રાજુલા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરવામાં આવેલ દરીયામાં માછીમારો ખલાસીઓ રાત–દિવસ કામ કરે છે.

અકસ્માત તથા બિમારીથી એક સો થી વધારે માછીમારોનાં મૃત્યુ થાય છે. ગુજરાતનાં દરિયાકાંઠાનાં બંદરોમાં ગુજરાત હાઈકોર્ટનાં હુકમ મુજબ કુલ સાત દરિયાઈ મેડિકલ સ્પીડ બોટ ૧૦૮ એમ્બ્યુલન્સ ચાલુ કરવા માટે હુકમ કરેલ જેમાં બે દરિયાઈ મેડિકલ સ્પીડ બોટ ૧૦૮ એમ્બ્યુલન્સ ચાલુ થઈ ગઈ છે. અન્ય બંદરો માટે દરિયાઈ એમ્બ્યુલનસ ૧૦૮ ચાલુ કરવાની બાકી હોય દરિયાઈ માછીમારો ખલાસીઓની ફીશીંગ નજીકનાં સમયમાં હોય અને ગુજરાતનાં ૧૬૦૦ કીમી દરિયામાં માછીમારી કરતા ખલાસીઓ અકસ્માતનાં મોતનાં મુખમાંથી હોમાઈ તે પહેલા ગુજરાત હાઈકોર્ટનાં હુકમ મુજબ અમલવારી કરવા જાફરાબાદ માછીમારીનું કેન્દ્ર હોય આ બંદરમાં ૭૦૦, જેટલી બોટો માછીમારી કરતી હોય આ માછીમારીનાં વ્યવસાયમાં સંકળાયેલાં ખલાસીઓની સલામતી માટે વહેલામાં વહેલી તકે દરિયાઈ મેડિકલ સ્પીડ બોટ ૧૦૮ એમ્બ્યુલનસ તાત્કાલિક ચાલુ કરવા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દરિયામાં કટોકટી સમયે મેડિકલ સુવિધા સમયસર મળી રહે તે માટેની રજુઆત કરવામાં આવી છે.

# સાસણગીર ખાતે શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન



અમરેલી, તા. ૮

સાસણગીરના ગીર આઈ.આર.એમ એનર્જી સી.એન.જી સ્ટેશન પર શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું. ફ્રેન્ચાઈઝી ઓનર કિશોરભાઈએ રીબીન કાપી પાર્લરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ તકે શીતલ આઈસ્ક્રીમના ડિસ્ટ્રીબ્યુટર પરેશભાઈ ઉનડકટ, એરીયા સેલ્સ મેનેજર કૈલાશભાઈ વાઘેલા, સેલ્સ ઓફિસર હિતેનભાઈ ગોહિલ, સીએનજી સ્ટેશનનો સ્ટાફ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. તેવું શીતલના ફ્રેન્ચાઈઝી હેડ નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શન તળે

# જાફરાબાદ ખાતે સુરક્ષા સેતું સોસાયટી અંતર્ગત રક્દાન કેમ્પ યોજાયો

## ૪૦ બોટલ રક્ત એકત્ર કરાયું



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા.૮

જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ, નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરાઓનાં સુચના અને માર્ગદર્શન અનુસંધાને જાફરાબાદ મરીન પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જે અનુસંધાને જાફરાબાદ સરકારી હોસ્પિટલ ખાતે જાફરાબાદની જનતાએ તથા પોલીસ સ્ટાફે સાથે મળી કુલ ૪૦ બોટલોનું રકતદાન કરેલ છે.

જે બદલ અમરેલી જિલ્લા પોલીસ વતિ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ., પી.એલ. ચૌધરી તથા જાફરાબાદ મરીન પોલીસ સ્ટાફે સમગ્ર જનતાનો ખુબ ખુબ આભાર વ્યકત કરેલ છે.

કતલખાના બંધ કરાવવાની માંગ

# સા.કુંડલા ખાતે વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા કતલખાનાનાં પ્રશ્ને મૌન રેલી યોજાઈ

## ધારાસભ્ય અને પાલિકા પ્રમુખને રજૂઆત કરાઈ



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલામાં વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા કતલખાના મુદ્દે નીકળી મૌન રેલી કાઢી.

મામલતદાર તેમજ ધારાસભ્ય દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું.

વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ, દુર્ગા વાહિની હિન્દુ યુવા સેના તેમજ સાધુ સંતો આ મૌન રેલીમાં જોડાયા હતા. સાવરકુંડલા રિદ્ધિ સિદ્ધીનાથ મહાદેવ મંદિરથી મામલતદાર કચેરી સુધી મૌન રેલી કાઢ ી નગરપાલિકા દ્વારા જે ગેરકાયદેસર કતલખાનાને બંધ કરાવવા તેમજ કતલખાનાને મંજૂરીની તજવીજ હાથ ધરાઈ હતી. તેમના વિરોધમાં મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા નગરપાલિકાએ કોઈ કતલખાનાની મંજુરી આપી નથી અને ભવિષ્યમાં પણ આવી મંજુરી આપવાનો કોઈ પ્રોગ્રામ નથી. જયારથી આ ગેરસમજણનો મેસેજ ફરે છે ત્યારે પણ મેં ત્રણ દિવસ પહેલા વીડિયો દ્વારા પણ કહી હતી અને આજે પણ કહું છું.


''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ''દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


# લીલીયા પંથકમાં મ.ભ.યો.માં સંચાલક વિગેરેની જરૂરિયાત

અમરેલી. તા. ૮

લીલીયા તાલુકાની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં મધ્યાહન ભોજનના સંચાલક–કમ–કુક (વ્યવસ્થાપક), કુક–કમ–હેલ્પર (રસોઈયા) અને હેલ્પર (મદદનીશની) આવશ્યકતા છે. આ ખાલી જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ ભરતીમાં લીલીયા તાલુકાની પુંજાપાદર, લોકા, શેઢાવદર, ખારા શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક–કમ–કુક (વ્યવસ્થાપક)ની આવશ્યકતા છે. જયારે શેઢાવદર, કાંકચ કુમાર, પાંચતલાવડા કુમાર, લોકીની શાળાના મધ્યાહન ભોજન કેન્દ્ર માટે કુક–કમ–હેલ્પર (રસોઈયા)ની આવશ્યકતા છે. જયારે લીલીયા તાલુકાની જાત્રોડા, પાંચ તલવાડા કુમાર શાળામાં હેલ્પર (મદદનીશ)ની આવશ્યકતા છે. આ જુદાં જુદાં પદ માટે અલગ અલગ લાયકાત ધરાવતા હોય તેવી આવશ્યકતા છે. જેમાં ઉમેદવારની ઉંમર જાહેરનામાની તારીખ ઓછામાં ઓછી ૨૦–૬૦ વર્ષની હોવી જોઈએ. શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી ધો.૧૦ પાસ હોવી જોઈએ. આ અંગે નિયત નમૂનામાં અરજી પત્રકો મામલતદાર કચેરી, લીલીયા ખાતેથી જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન મધ્યાહન ભોજન શાખામાંથી તા.૨૧ જુન, ૨૦૨૩ સુધી બપોરના ૨.૦૦ કલાક સુધી ભરી જરૂરી આધાર પુરાવા સાથે મામલતદાર લીલીયાની કચેરીના રજિસ્ટ્રી ટેબલ પર પહોંચાડવાનું રહેશે.

નિયમોનુસારની અરજી, લાયકાત, વય મર્યાદા તથા સરકાર દ્વારા ઠરાવેલ ધોરણો ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલવવામાં આવશે, તેમ મામલતદાર લીલીયાએ એક યાદીમાં જણાવ્યું છે.

# જીવન એક સંઘર્ષ : અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ નથી કોઈ ફરિયાદ



બરાબર બપોરનાં બે વાગ્યા હતા. કયાંય એકપણ દિશામાં કે શેરી કે રોડ રસ્તા ઉપર કયાંય એક પણ જીવ નજરે ચડતો નહોતો. પશુ કે પંખી પણ નહિ એવા કાળઝાળ ૪૫ ડિગ્રીનાં તાપમાં, ચારે તરફ નકરી લું જ વાય છે. એવા સમયે એક ઝાડ નીચે નજર પડી તો એક દંપતિ અને પોતાનું નાનું બાળક, રેકડી એકબાજુ રાખી, બપોરની મીઠી ઉઘ માણી રહ્યાં હતાં. ન હતો પંખો કે ન હતું કુલર કે ન હતું એર કન્ડીશન કે નહોતું માથે છાપરું...!! છતાં કોઈપણ પ્રકારની ફરિયાદ કે અફસોસ વગર મજાથી આરામ કરી રહ્યાં હતા. જૂના કપડાં ને બદલે નવા વાસણ આપતો આ નાનો પરિવાર કાયમ માટે... કોઈપણ ઋતુ હોય વહેલી સવારે બપોરનું ટિફિન ભરીને સાથે પોતાના ત્રણ વર્ષનાં પુત્રને લઈને ગામડે ગામડે પેટિયું રળવા રખડયા કરે. જે કંઈ મળે તેમાંથી ગુજરાન ચલાવે. ફોટો લેતી વખતે દંપતિ જબકીને જાગી ગયું ત્યારે બાળકનાં શિક્ષણ બાબતે પૂછતા એવો જવાબ મળ્યો કે, સાહેબ, અમે તો આ ગામથી સામે ગામ રઝળપાટ કરતા હોઈએ ત્યારે કયાંથી આ બધો મેળ પડે...?! આપણાં સમાજમાં બે વર્ગો વચ્ચે આટલી મોટી ખાઈ છે, જેને કારણે નથી તેની પાસે પાયાની પ્રાથમિક જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ નથી..! જયારે એક વર્ગ અતિ ધનિક છે જેની પાસે જરૂરિયાત કરતાં પણ અનેક ગણું વધારે છે કે તેની સાત પેઢીઓ સુધી ખૂટે તેમ નથી. અને છતાં એ.સી. રૂમમાં પડખા ફર્યા કરે, ઉંઘ આવતી નથી આવી અસમાનતા સામાન્ય રીતે ગુન્હાખોરીનો આંક વધારવાનું કારણ બનતી હોય છે.

# અમરેલી જિલ્લામાં વૃક્ષોનું વાવેતર અને જતન કરી હરિયાળીમાં ઉમેરો કરવા સામાજિક વનિકરણ વિભાગ સક્રીય














સમગ્ર રાજયમાં તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તાઉતે વાવાઝોડા સમયે જિલ્લામાં અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. છેલ્લા ૨ વર્ષમાં જિલ્લામાં અનેક પ્રકારના વૃક્ષોનું વાવેતર સામાજિક વનીકરણ વિભાગ–અમરેલી દ્વારા કરવામાં આવ્યું છે. જેના થકી અમરેલી જિલ્લાની હરિયાળીમાં ઉમેરો થયો છે તે સાથે પર્યાવરણની રક્ષા માટેનું પણ ઉમદા કાર્ય થયું છે. અમરેલી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૨.૫ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવતા રાજય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટમાં ગ્રીન ગ્રોથના પરિમાણને સાર્થક કરવામાં આવ્યું છે. અમરેલી સામાજિક વનીકરણ વિભાગની આ ઉમદા અને ઉત્કૃષ્ટ કામગીરી છે. હાલની સ્થિતિએ જિલ્લામાં ૧ લાખ ૯૪ હજારથી વધુના વૃક્ષો સ્થળ પર જીવંત છે. દર વર્ષે વૃક્ષોનું વાવેતર અને જતન કરીને જિલ્લાને હરિયાળો બનાવવા માટે અને વૃક્ષોના રીસ્ટોરેશનને લઈને સામાજિક વનીકરણ વિભાગ સક્રિય છે. મહત્વનું છે કે, વૃક્ષોના રીસ્ટોરેશન માટે થઈ રહેલી આ કામગીરી એ ભાવિને વધુ સારું બનાવી રહેવા માટેનું વધુ એક કાર્ય છે. દર વર્ષે અમરેલી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા કિસાન શિબિર, ફોરેસ્ટ રિસર્ચ શિબિર, પ્રાકૃત્તિક શિક્ષણ શિબિરનું જિલ્લામાં સફળતમ આયોજન કરવામાં આવે છે. કિસાન શિબિરો થકી લાભાર્થીઓને અનેકવિધ લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮–૧૯માં ૪૨,૪૦૦, વર્ષ ૨૦૧૯–૨૦માં ૬૬,૨૦૦, વર્ષ ૨૦૨૦–૨૧માં ૪૯,૬૦૦, વર્ષ ૨૦૨૧–૨૨માં ૪૧,૯૭૭ અને વર્ષ ૨૦૨૨–૨૩માં ૫૬,૦૬૬ રોપાઓનું વાવેતર પણ અમરેલી જિલ્લામાં સામજિક વનીકરણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાંથી અત્યાર સુધીમાં કુલ ૧ લાખ ૯૪ હજારથી વધુના રોપાઓ સ્થળ પર જીવંત છે. વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી છેલ્લી વૃક્ષ ગણતરી વર્ષ ૨૦૨૧–૨૨ની સ્થિતિએ જિલ્લામાં જંગલ સિવાયના વિસ્તારમાં અંદાજે કુલ ૭૫ લાખ વૃક્ષો નોંધાયા છે. વધુમાં સામાજિક વનીકરણ વિભાગ અમરેલી દ્વારા જુદી–જુદી યોજનાઓ અંતર્ગત વિસ્તરણ તેમજ વિવિધ કાર્યક્રમો પણ કરવામાં આવી રહ્યા છે. દર વર્ષે કિસાન શિબિર, વન સંશોધન શિબિર, પ્રાકૃત્તિક શિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮–૧૯માં કુલ ૪ કિસાન શિબિર, ૩૦ વન સંશોધન શિબિર, ૧૦ પ્રાકૃત્તિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. વર્ષ ૨૦૧૯–૨૦માં કુલ ૪ કિસાન શિબિર, ૨૫ વન સંશોધન શિબિર, ૧૦ પ્રાકૃત્તિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ ૩ કિસાન શિબિર, ૨૫ ફોરેસ્ટ રિસર્ચ શિબિર, ૧૦ પ્રાકૃત્તિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. જયારે વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ ૩ કિસાન શિબિર, ૨૫ ફોરેસ્ટ રિસર્ચ શિબિર, ૧૦ પ્રાકૃત્તિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. સામાજિક વનીકરણ વિભાગ અમરેલી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં જુદાં–જુદાં ગામોમાં કુલ ૯ વન કુટિર અને કુલ ૧,૪૧૪ ખુલ્લા કુવાઓને પેરાપીટ વોલ બાંધકામ કરવામાં આવ્યું છે. લાભાર્થીઓને અનેકવિધ લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યા છે. અમરેલી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા જિલ્લામાં પ્રાકૃત્તિક બાબતોને અને પ્રકૃત્તિ સંરક્ષણને લઈને સતત કામગીરી કરવામાં આવી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## પુત્રવધુની હત્યા કરીને

જ કુટુંબનાં સદસ્યની હત્યાની ઘટનામાં વધારો થતાં સમાજનાં શુભચિંતકો, મનોચિકિત્સકોમાં પણ આ મામલે ચિંતા વધી છે. છેલ્લા થોડા દિવસોમાં પતિ ધ્વારા પત્ની કે પત્ની ધ્વારા પકિ કે કુટુંબનાં મોભી ધ્વારા પત્ની અને બાળકોની હત્યા કે સામૂહિક આત્મહત્યાની ઘટનામાં વધારો થયો હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ''સંપર્કથી સમર્થન'' કાર્યક્રમ યોજાયો

પરિવારો સાથે મુલાકાત કરી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીનાં નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારનાં નવ વર્ષ પૂણ્ર્ થયા છે અને આ નવ વર્ષ દરમ્યાન કેન્દ્ર અને રાજય સરકારે સેવા, સુશાસન, વિકાસ અને ગરીબ કલ્યાણનાં પ્રજાલક્ષી કાર્યો કર્યા છે તે અંગેની ચર્ચા આ વિશિષ્ટ પરિવારો સાથે કરવાની હોય છે.

આ સંપર્કથી સમર્થન અભિયાન અંતર્ગત ધારાસભ્ય કૌશિક વેકરીયાએ અમરેલી શહેરમાં પાણી દરવાજા મુખ્ય સ્વામીનારાયણ મંદિર મુકામે સ્વામીનારાયણ ભગાવનનાં દર્શન કરી ગોપાલમુનિ સ્વામી, હરી સ્વરૂપ સ્વામી, ભગવાન સ્વામી, નિવૃત બેંક મેનેજર જીણાબાપા વઘાસીયા અને પરિવાર, લેખક તેમજ શિક્ષણવિદ પ્રણવભાઈ પંડયા અને પરિવાર, કથાકાર શાસ્ત્રી દીપેશભાઈ પંડયા અને પરિવાર, વિધવાન ધારાશાસ્ત્રી ઉદયનભાઈ ત્રિવેદી અને તેમના પરિવારની ખાસ મુલાકત લીધી હતી. આ તકે કેન્દ્ર અને રાજય સરકાર ધ્વારા જે પ્રજાલક્ષી કાર્યો અને યોજનાઓથી થતાં ફાયદાઓ વિશે ચર્ચા કરેલ.

આ કાર્યક્રમ દરમ્યાન જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ પ્રતિનીધી ચંદુભાઈ રામાણી, અમરેલી શહેર ભાજપ મહામંત્રી ભરતભાઈ મકવાણા, નગરપાલિકા સભ્ય હરેશ કાબરીયા, શહેર યુવા ભાજપ મહામંત્રી જતીન સાવલીયા સહિતનાં કાર્યકર્તાઓ હાજર રહયા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૫ | ૧૪૧૨ |
| ૨ | શિંગ મોટી | ૧૦૯૦ | ૧૪૪૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૭૦ | ૨૦૮૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૪૪૫ | ૧૭૫૬ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૮૧૭ |
| ૬ | તલ કાળા | ૧૫૦૦ | ૨૮૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૩૦ | ૩૦૬૧ |
| ૮ | બાજરો | ૨૬૫ | ૪૧૫ |
| ૯ | જુવાર | ૪૮૧ | ૧૦૩૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૧ | ૫૧૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૨૩ | ૪૮૨ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૫૨૫ |
| ૧૩ | મગ | ૧૨૦૦ | ૧૮૫૫ |
| ૧૪ | અડદ | ૮૫૦ | ૧૯૦૫ |
| ૧૫ | ચણા | ૭૫૦ | ૯૬૬ |
| ૧૬ | ચણા દેશી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૭ | તુવેર | ૧૩૦૫ | ૧૮૧૮ |
| ૧૮ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| ૧૯ | એરંડા | ૯૧૫ | ૧૦૮૭ |
| ૨૦ | ધાણા | ૮૪૦ | ૧૧૨૩ |
| ૨૧ | ધાણી | ૧૦૭૧ | ૧૨૫૬ |
| ૨૨ | મેથી | ૯૯૦ | ૧૧૪૫ |
| ૨૩ | સોયાબીન | ૯૨૨ | ૯૫૬ |

### આગામી તા. ૨૮ જુનનાં રોજ

## વડીયા–કુંકાવાવ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૮

વડીયા–કુંકાવાવ તાલુકાનો જુન–૨૦૨૩ માસનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૮ જુન, ૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યાથી બપોરે ૧ કલાક દરમિયાન મામલતદાર કચેરી, વડીયા ખાતે યોજવામાં આવશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો અંગેની લેખિત અરજીઓ મોડામાં મોડા તા.૧૦ જુન,૨૦૨૩ સુધીમાં મામલતદાર કચેરી, વડિયાને પહોંચાડવી. અરજીના મથાળે ' સ્વાગત કાર્યક્રમ' અવશ્ય લખવું. એક અરજદાર વધુમાં વધુ બે પ્રશ્નોની રજૂઆત કરી શકશે. કાર્યક્રમમાં સેવા અને નીતિ વિષયક, કોર્ટમાં પડતર હોય તેવી બાબતોની અરજીઓ લેવામાં આવશે નહિ. જમીન મિલકત સંબંધી દાવાઓ, દીવાની, મહેસૂલી કોર્ટમાં પડતર હોય કે પડકારવા પાત્ર હોય તેવી બાબતોની રજૂઆત કરવી નહિ, તેમ મામલતદાર વડિયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૫૪૦ |
| ૨ | મગફળી | ૧૨૬૧ | ૧૩૩૯ |
| ૩ | તલ સફેદ | ૨૪૮૫ | ૨૬૭૫ |
| ૪ | તલ કાળા | ૨૫૩૦ | ૨૭૭૦ |
| ૫ | ઘઉં | ૪૦૨ | ૫૬૮ |
| ૬ | ચણા | ૮૮૯ | ૯૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૨૫૧ | ૧૪૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૬૧ |
| ૩ | શીંગદાણા | ૧૬૫૧ | ૨૨૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૮૫૨ |
| ૫ | તલ કાળા | ૨૪૨૦ | ૨૮૨૦ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૫૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૪૪૦ |
| ૧૦ | જુવાર | ૫૭૦ | ૯૫૫ |
| ૧૧ | મકાઈ | ૪૫૦ | – |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૯૩૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૯૫૪ |
| ૧૫ | તુવેર | ૧૬૦૦ | ૧૮૧૫ |
| ૧૬ | એરંડી | ૯૪૧ | ૧૦૦૦ |
| ૧૭ | મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૮ | રાય | ૮૭૫ | ૧૦૨૫ |
| ૧૯ | ધાણા | – | ૧૧૪૫ |
| ૨૦ | સોયાબીન | ૯૦૦ | ૯૩૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૫ | ૧૪૭૧ |
| ૨ | ચણા | ૯૨૦ | ૯૨૭ |
| ૩ | જુવાર | ૫૦૦ | ૯૦૩ |
| ૪ | તલ સફેદ | ૨૫૭૬ | ૨૬૬૬ |
| ૫ | બાજરો | ૪૨૬ | ૪૬૨ |
| ૬ | મગફળી | ૧૩૨૭ | ૧૩૭૭ |
| ૭ | ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| ૮ | ધાણા | ૯૩૧ | ૯૩૧ |
| ૯ | એરંડા | ૯૧૨ | ૯૧૨ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૫૫૦ | ૧૫૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૩૬૦ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૨૮૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૫ | ૪૮૫ |
| ૪ | ચણા | ૮૭૧ | ૯૧૩ |
| ૫ | મગ | ૧૭૦૦ | ૧૭૧૧ |
| ૬ | તલ સફેદ | ૨૨૦૫ | ૨૭૦૧ |
| ૭ | તલ કાળા | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૮ | ધાણા | ૯૧૦ | ૧૧૦૦ |
| ૯ | તુવેર | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૧૦ | મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| ૧૧ | સફેદ ચણા | ૧૨૮૧ | ૧૨૮૧ |
| ૧૨ | જુવાર | ૬૦૫ | ૬૦૫ |
| ૧૩ | એરંડા | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૧૪ | બાજરો | ૪૦૮ | ૪૧૦ |
| ૧૫ | સોયાબીન | ૯૩૦ | ૯૩૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૨ | ધાણા | ૯૦૦ | ૧૧૧૫ |
| ૩ | ચણા | ૭૦૦ | ૯૩૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૫ | ૪૫૭ |
| ૫ | શીંગ ફાડા | ૧૬૩૮ | ૧૬૫૦ |
| ૬ | એરંડા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૧૦૦૦ |
| ૮ | સફેદ તલ | ૨૦૦૦ | ૨૬૬૫ |
| ૯ | મગ | ૧૭૧૫ | ૧૭૧૫ |
| ૧૦ | સોયા | ૯૪૫ | ૯૪૫ |
| ૧૧ | કાળા તલ | ૨૬૪૦ | ૨૬૪૦ |
| ૧૨ | મગફળી | ૧૦૦૦ | ૧૩૦૬ |
| ૧૩ | સફેદ ચણા | ૧૮૦૦ | ૨૦૫૦ |
| ૧૪ | મેથી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૫ | શીંગ દાણા | ૧૨૫૦ | ૧૮૦૫ |
| ૧૬ | તુવેર | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૧૭ | છોલે ચણા | ૨૦૬૦ | ૨૦૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં ચક્કરગઢ ગામે

આજથી થોડા દિવસો પહેલા સદરહું કામનાં આરોપી નં.૧ તથા ૨ નાએ તેઓનાં મળતીયા માણસો મારફતે રાત્રીનાં સમયે અમારી ગેરહાજરીમાં અમારા ખેતરની હદમાં વૃક્ષો હતા તે કપાવીને રાતો રાત તેનું થડીયા તેમજ કટીંગ લાકડાનાં ભાગો લઈ જઈને અમરેલીમાં આરોપી નં.૪ ની ફેકટરીમાં વેચાણ કરવામાં આવેલ છે. તેવું અમોને જાણમાં આવેલ છે. અને તે આરોપી નં. ૪ નાએ તે નું બીલ આરોપી નં.૩ ના બેંક ખાતામાં જમા કરાવેલ છે. અને તેનાં પૈસા આરોપી નં.૨ એ આરોપી નં.૩ પાસેથી બેંકમાંથી ઉપાડીને મેળવગી લીધેલ છે.

સદરહું અમારા વૃક્ષ એક માસ પહેલા આરોપી નં.૧,૨ નાએ કપાવેલા જેથી અમોએ આરોપી નં.૨ નાની પુછપરછ કરેલી ત્યારે તેઓએ અમોને ગલ્લા –તલ્લા કરેલા અને ચોખ્ખો જવાબ નહી આપેલો જેથી અમોએ આરોપી નં.૧ નાને પુછપરછ કરેલી ત્યારે તેઓએ જણાવેલ કે સદરહું જગ્યામાંથી રસ્તો પસાર થાય છે. તેથી તે વૃક્ષો રોડ રસ્તા બનાવનાઓએ રસ્તામાં આવતા હોય તેઓએ કપાવેલ છે. જેથી અમોએ રોડ રસ્તા બનાવનાર કોન્ટ્રાકટરને પુછપરછ કરેલી તેઓએ જણાવેલ કે, અમોએ કોઈ વૃક્ષ કપાવેલ નથી. એ ઝાડ સરકારનાં માણસોએ કાપેલ હશે જેથી અમોએ માર્ગ મકાન ખાતામાં (રોડ–બિલ્ડીંગ) ખાતામાં તપાસ કરતા ત્યાંથી અમોને જાણવા મળેલ કે, અમોએ કોઈપણ પ્રકારનાં વૃક્ષ કાપવાની કોઈને પણ પરવાનગી આપેલ નથી. કે અમારા તરફથી કોઈપણ પ્રકારનાં વૃક્ષ કાપવામાં આવેલ નથી. જેથી અમોને જાણવા મળેલ કે, સદરહું વૃક્ષ અન્ય માણસો દ્વારા કાપવામાં આવેલ છે. અને તેનાં લાકડા બારોબાર અમરેલીમાં વેચવામાં આવેલ છે. અને કંપની દ્વારા તે લાકડાનાં બીલો પેટે ની રકમ આરોપી નં.૩ કે જે કંપનીમાં નોકરી કરે છે તેનાં બેંક ખાતમાં જમા થયેલ છે. અને આરોપી નં.૩ દ્વારા અમોને જાણવા મળેલ છે કે, તેઓએ તે પૈસા ઉપાડીને આરોપી નં.૨ ને આપેલ છે. અને આરોપી નં.૨ નાં કહેવાથી જ કંપનીએ મારા ખાતામાં તે પૈસા ટ્રાન્સફર કરેલા.

ઉપરોકત હકીકતે અમારા લાખો રૂપિયાની કિંમતનાં વૃક્ષ ગેરકાયદેસર રીતે અમારી કોઈપણ જાતની પરવાનગી લીધા વગર કે અમારી જાણ બહાર તેમજ સરકારની મંજુરી વગર છેદન કર્યુ હોય કાર્યવાહી કરવાની માંગ અંતમાં કરેલ છે.


**સંકુલ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ – હોસ્ટેલ વાર્ષિક ફી**

| | | | |
|---|---|---|---|
| ★ નર્સરી થી KG 2 | ૩૦૦૦ | ★ ધો. ૧૧–૧૨ સાયંસ | ૨૪૪૦૦ |
| ★ ધો. ૧ થી ૫ | ૪૮૦૦ | ★ ઈન્ટીગ્રેટેડ MBA - 5 વર્ષ | ૩૨૦૦૦ |
| ★ ધો. ૬ થી ૮ | ૫૮૦૦ | ★ PG-DMLT-કોલેજEM | ૪૦૦૦૦ |
| ★ ધો. ૯–૧૦ | ૭૦૦૦ | ★ ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૨૧૨૦૦ |
| ★ ધો. ૧૧–૧૨ આર્ટસ | ૭૮૦૦ | ★ ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૨૩૮૦૦ |
| ★ ધો. ૧૧–૧૨ કોમર્સ | ૮૬૦૦ | ★ FY થી PG હોસ્ટેલ | ૨૫૪૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન: [illegible] Ad 047


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૧ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૦૫ |
| ૩ | તલ કાળા | ૨૦૦૦ | ૨૭૨૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૪૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૦ |
| ૭ | જુવાર | ૬૦૧ | ૧૦૨૦ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | મગ | ૧૬૦૦ | ૧૬૫૧ |
| ૧૦ | સોયાબીન | ૯૨૦ | ૯૪૦ |
| ૧૧ | અડદ | ૧૬૨૬ | ૧૬૫૧ |
| ૧૨ | તવેર | ૧૨૦૦ | ૧૭૫૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૯૨૫ |
| ૧૪ | મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૫ | એરંડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૬ | શીંગદાણા | ૧૭૦૧ | ૧૭૦૧ |

## ''૯ સાલ બેમિસાલ''ની ઉજવણી વખતે જ ભાજપનાં પૂર્વ મંત્રીનું ટ્‌વીટ

# કુપોષણથી દર મહિને ૧૦ હજારથી વધુ બાળકોનાં મોત

કુપોષણના કારણે દેશનાં ભવિષ્ય ગણાતા બાળકોનું બાળપણ ગાયબ થઇ રહ્યું છે

કુપોષણનાં કારણે દેશનું ભવિષ્ય અનિશ્ચિત હોવાનું પણ જણાવ્યું

કુપોષણનાં સીધી અસર બાળકોનાં માનસિક અને શારીરિક વિકાસ ઉપર પડે છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને ટેગ કરીને ટ્‌વીટ કર્યુ







અમરેલી, તા. ૮

એક તરફ નરેન્દ્ર મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થતા ''૯ સાલ બેમિસાલ''નું સૂત્ર વહેતુ કરીને મોદી સરકારની સિધ્ધિઓની ગાથા ગાવામાં આવી રહી છે. તેવા જ સમયે ભાજપના અગ્રણીઓનો આત્મા જાગી ગયો હોય તેમ તેઓ જનહિતમાં હિંમતભેર વર્તમાન સમસ્યાઓ ઉજાગર કરીને વાસ્તવિકતા દર્શાવીને ભાજપ સરકારને બચાવની સ્થિતિમાં લાવી રહયા છે.

છેલ્લા થોડા દિવસોથી ભાજપના પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબાર કથળેલી શિક્ષણ હાલત અને ખનીજ ચોરી અંગે સોશ્યલ મીડિયામાં જબ્બરો કટાક્ષ રહયા છે. તેવા જ સમયે ભાજપનાં વધુ એક અગ્રણી અને પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને ટેગ કરીને ટ્‌વીટ કરતા જણાવ્યું કે દેશમાં કૃપોષણના કારણે દર મહિને ૧૦ હજાર બાળકોના મૃત્યુ થઈ રહયા છે.

વધુમાં જણાવેલ છે કે, કુપોષણની સીધી અસર બાળકોના માનસિક અને શારીરિક વિકાસ ઉપર પડી રહી છે અને બાળકોનું બાળપણ ગાયબ થઈ રહયું છે અને ભવિષ્ય અનિશ્ચિત બન્યુ છે હોય કુપોષણ નિવારણ માટે ગંભીરતાથી કાર્યવાહી કરવી જરૂરી બની હોવાનું જણાવેલ છે.

## કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ દ્વારા વિશ્વ પર્યાવરણદિનની ઉજવણી



કોવાયા, તા. ૮

ગુજરાત સિમેન્ટ વર્કસ દ્વારા યુનિટ હેડ ટી.વી. રાવનાં નેતૃત્વ હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ. જે અંતર્ગત યુનિટ હેડ તથા આત્મિકા લેડીસ કલબનાં પ્રેસિડેન્ટ વિમલા રાવ દ્વારા વૃક્ષારોપણ કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરાઈ.

જીસીડબ્લ્યુનાં કર્મચારીઓ, વર્કર્સ તથા આસપાસના સ્થાનીય ગામનાં લોકો ખાસ કરીને બાળકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં યુનિટ હેડ રાવ દ્વારા પ્લાન્ટનાં કર્મચારી, વર્કર તથા આસપાસનાં સ્થાનિય લોકોને વૃક્ષોનાં યોગ્ય જતન માટે પ્રેરિત કરાયા.

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ કોવાયાનાં સી.એસ.આર. વિભાગ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન માટે ખુબ પ્રયત્નશીલ રહે છે. જેમ કે પ્લાસ્ટિકનો ન્યૂનતમ ઉપયોગ અને યોગ્યનિકાલ માટે આસપાસનાં ગામોમાં સમયાંતરે જાગૃતતા કાર્યક્રમનું આયોજન, શાળાઓમાં છોડવાનું વિતરણ તથા યોગ્ય જતન માટે વિવિધ કાર્યક્રમોનાં માધ્યમથી પ્રોત્સાહિત કરવામાં આવે છે. મિયાવાકી ફોરેસ્ટ મેથડ દ્વારા પ્લાનટેશન, એક બાળકી એક વૃક્ષ, વિવિધ સ્પર્ધાઓ વગેરે દ્વારા પર્યાવરણ અંગે જાગૃતતા લાવવાનો પ્રયાસ રહે છે. પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત બીટ પ્લાસ્ટિક થીમને ધ્યાનમાં લઈ રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં આસપાસના ગામોમાંથી ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો આ સ્પર્ધામાં ગુરવિન્દર કૌર(એએફઆર), રસિક મેડમ દ્વારા પ્રથમથી લઈ પાંચ ઈનામ આપી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરાયા. સાથે સાથે ભાકોદર તથા કોવાયા ગામનાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરાઈ. આ કાર્યક્રમમાં એન્વિરોમેન્ટ વિભાગનાં અધિકારી સંદીપ તિવારી તથા ચિરાગ ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. જેમના દ્વારા પ્લાસ્ટીકથી થતાં નુકશાનને પ્લાન્ટ દ્વારા તેનો યોગ્ય નિકાલ, એ વેસ્ટ નો રે યુઝ વગેરે બારામાં સમજાવવામાં આવ્યું.

કસર દ્વારા સ્થાનીય ગામોની બહેનો તથા વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા દિપાંકર અધિકારી અને જી.જી. રાવનાં માર્ગદર્શનનાં રમાકાન્ત શર્મા તથા સીએસઆરની ટીમ દ્વારા સફળ આયોજન કરાયું.

## અમરેલી ખાતે ૧૭ જુને સંકલન ફરિયાદ સમિતિની બેઠક યોજાશે

અમરેલી તા. ૮

જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે. જુન–૨૦૨૩ની બેઠક આગામી તા.૧૭ જુન, ૨૦૨૩ને શનિવારના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે અમરેલી કલેકટર કચેરી ખાતે યોજાશે.

આ બેઠકમાં અવેઈટ કેસોની સમીક્ષા, બાકી પેન્શન કેસોની સમીક્ષા, નાગરિક અધિકાર પત્ર તળેની અરજીઓ સહિતના પ્રશ્નો અને અન્ય બાબતો પર ચર્ચા કરવામાં આવશે. વધુમાં લોક પ્રતિનિધિઓના પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહેશે.

## બગસરામાં ચોમાસા પૂર્વે પાણી વિતરણમાં કાપ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૮

બગસરા નગર પાલિકાનાં ચીફ ઓફિસર દ્વારા નોટિસ જાહેર કરી હવેથી ત્રણ દિવસે પાણી વિતરણમાં કાપ મુકયો છે. વિરોધપક્ષ દ્વારા વ્યવસ્થાના અભાવને કારણે લોકોને તરસ્યા રહેશેનો આક્ષેપ કરતા રાજકારણ ગરમાયું છે.

બગસરા શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી એકાતરા પાણી વિતરણ કરવામાં આવે છે. શહેરની પાણી વિતરણ વ્યવસ્થાના વખાણ સમગ્ર જિલ્લામાં થતા હોય છે. પરંતુ આ વર્ષે ચોમાસા પૂર્વે ચીફ ઓફિસર દ્વારા નોટિસ જાહેર કરી શહેરનું પાણી વિતરણ દર બે દિવસેને બદલે ત્રણ દિવસે કરવાનો નિર્ણય લીધો હતો.

જેમાં કારણ સ્વરૂપે પાણીનાં જથ્થામાં ઉતરોતર ઘટાડો થતો હોવાનું જણાવવામાં આવેલ છે. દોઢેક માસ પૂર્વે બગસરામાં પાણીની ખેંચ પડતા શાસક પક્ષની રજૂઆતને કારણે પાણી પુરવઠા વિભાગ દ્વારા મહિપરિએજ જ યોજના અંતર્ગત વિતરણમાં ઘટતું એક એમએલડી પાણી મંજૂર કરેલું હતું તેમ છતાં પાણીની ઘટ કયાં કારણોસર પડી છે. તેઓ લોકોમાં પણ પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે. આ બાબતે પાલિકાનાં વોર્ડ નંબર ૪ નાં સદસ્ય પિયુષભાઈ માલવિયા દ્વારા શહેરનાં પાણી સ્ત્રોતમાં કોઈપણ ઘટ નથી. માત્ર પાલિકા દ્વારા પાણીનું વ્યવસ્વસ્થાપન યોગ્ય રીતે થતું નથી તેથી લોકોને તરસ્યા રહેવાનો વારો આવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ બાબતે પાલિકાના ઉપપ્રમુખ રાજુભાઈ ગીડા દ્વારા પાણી પુરવઠા પાસે ઘટ પડતા વધારાનાં પાણીની માંગ કરેલ છે કે જથ્થો ફાળવવામાં આવતા જ વિતરણ રાબેતા મુજબ કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. પાલિકા યોગ્ય વ્યસ્થા કરી લોકોને રાબેતા મુજબ પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

### કેન્દ્ર સરકારનાં ૯ વર્ષ પૂર્ણ થતાં

## રાજુલા ખાતે ''સંપર્કથી સમર્થન'' અંતર્ગત ભાજપનાં આગેવાનો સક્રીય



રાજુલા, તા. ૮

ભાજપાની કેન્દ્ર સરકારનાં ૯ વર્ષ સફળ પૂર્ણ થવા નિમિત્તે જનસંપર્ક અભિયાન અંતર્ગત ''સંપર્કથી સમર્થન'' કાર્યક્રમ અન્વયે રાજુલા ભાજપ અગ્રણી અને પ્રદેશ કિશાન મોર્ચા સભ્ય રવુભાઈ ખુમાણ દ્વારા રાજુલા શહેરનાં વકીલ મંડળ તથા વેપારી મિત્રો તેમજ પ્રબુદ્ધ નાગરિકો સાથે શુભેચ્છા મુલાકાત કરી તેમનું સન્માન કરી, તેમને ભાજપ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓ વિશે માહિતગાર કર્યા.

### અધિકારીઓ પોતપોતાની રીતે પ્રવેશનાં નિયમો બનાવતા હોય

## સાવરકુંડલા : સરકારી કચેરીઓમાં નાગરિકોનાં પ્રવેશ અંગે સરકારે ગાઈડલાઈન જાહેર કરવી જોઈએ

સાવરકુંડલા, તા. ૮

૨ વર્ષ પહેલા અમરેલી જીલ્લાની કેટલીક કચેરીઓ જેવી કે, કલેકટર કચેરી, નાયબ કલેકટર કચેરી, સાવરકુંડલા,મામલતદાર કચેરી, સાવરકુંડલામાં મુખ્ય અધિકારીને મુલાકાત કરવા માટે જનાર અરજદાર પાસે તેમનું નામ, ગામ, સરનામ તેમજ શા માટે મળવા માગે છે જેવી વિગતોની ચિઠ્ઠી લખાવી અનુમતી મેળવવા જણાવતા હોવા બાબતે કેટલાક લોકો ધ્વારા સાવરકુંડલાના આરટીઆઈ એકટીવીસ્ટ અને વ્હીસલ બ્લોઅર ડો. આર.યુ. મહેતાને મૌખિક રજુઆત કરેલ હતી. જે અંગે પ્રથમ કલેકટર કચેરી, અમરેલીને આ પ્રકારની રીત–રસમ અંગેની ગાઈડલાઈન, નિયમોની આરટીઆઈ કરેલ હતી. જેના જવાબમાં માહિતિ ઉપલબ્ધ નથી તેવો જવાબ મળેલ હતો. ત્યારબાદ, ડો. મહેતા ધ્વારા કલેકટર કચેરી, અમરેલી તેમજ રાજયની વડી કચેરીઓને તા. ૨૮/૨/૨૧ ના રોજ રજૂઆત ફરિયાદ કરેલ કે આ પ્રકારની રીત–રસમ કરવામાં આવે છે તે સરકારની ગાઈડ લાઈન તથા પ્રોટોકોલનું ઉલ્લંઘન છે. આ રીતે પોતાને વિશેષાધિકાર હોવાનો માહોલ બનાવીને પોતાનું મહીમા મંડન કરી રહેલ પણ જણાય છે આ ગંભીર બાબત છે. જો આ અંગે તુરંત યોગ્ય પગલા લેવામાં નહીં આવે તો શકયતા છે કે ધીરેધીરે તમામ કચેરીઓના અધિકારીઓ આવી અમલવારી કરવા માંડશે. આ બાબત કાયદાઓના ઉલ્લંઘન સાથે આમ જનતા માટે પણ અડચણરૂપ છે.

ઉપરોકત વિગતેની રજુઆત બાદ તા.૧/૯/૨૧ ના રોજ ફરીથી તમામ વડી કચેરીઓને રજૂઆત/ફરીયાદ કરીને આ રીત રસમને સમગ્ર રાજયમાં બંધ કરાવવા સૂચના આપવા અંગે ડો. મહેતાએ અરજી આપી. તે અંગે સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર ધ્વારા 'તમારૂ સૂચન ધ્યાને લીધેલ છે' તેમ જણાવ્યું. પરંતુ તે અંગેની આરટીઆઈના જવાબમાં 'કચેરી કાર્ય પધ્ધતિ'ના પાનાની નકલ આપી દીધી. પરંતુ કોઈ યોગ્ય પગલા લીધા નહીં કે કોઈ સૂચનાઓ જારી કરી નહીં. તેમ છત્તા આવી રીત–રસમની કોઈ ગાઈડલાઈન કે જોગવાઈ ન હોવાનો સ્વિકાર કર્યો. ડો. મહેતા જણાવે છે કે, ઉપરોકત રીતે તમામ સ્પષ્ટતાઓ થયેલી હોય, આમ જનતાએ આવી કોઈ રીત–રસમને પ્રોત્સાહન ન આપવું તેમજ આવો આગ્રહ રાખતી કચેરી વિરૂધ્ધ ફરિયાદ કરીને નિયમ પાલન અંગે જાગૃતિ બતાવવી. આવું ડો. આર.યુ. મહેતાની એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# અમરેલીનાં 'દીકરાનું ઘર' ખાતે પ્રા.આ.કે. ચાવંડ દ્વારા આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો









અમરેલીમાં આવેલ 'દીકરાનું ઘર' નામનાં વૃધ્ધાશ્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડનાં મેડીકલ ઓફિસર ડો. મુકેશસિંહ અને તેમની ટીમ દ્વારા મેડિકલ ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૧ જેટલાં વૃધ્ધજનોની તપાસ અને લેબોરેટરી કરી સ્થળ પર જ દવાઓ આપવામાં આવી હતી. તમામ વૃધ્ધજનોની તપાસ અને લેબોરેટરી કરી સ્થળ પર જ દવાઓ આપવામાં આવી હતી. તમામ વૃધ્ધજનોનું ડાયાબિટીસ, બી.પી. અને બ્લડની લેબોરેટરી કરી સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત વૃધ્ધાવસ્થા દરમ્યાન રાખવાની પરેજી અને પોષ્ટીક આહાર, સમયસર દવા વિશે મે. ઓ. ડો. મુકેશસિંહ દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ટી.એચ.ઓ. ડો. મુકેશસિંહ દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ટી.એચ.ઓ. ડો. સીન્હા અને ડો. મકવાણા હાજર રહ્યાં હતા. પ્રા.આ.કે. ચાવંડ ટીમમાં ડો. કેનાબેન હીરાણી, ગૌતમભાઈ બોરડ, પ્રભાતભાઈ બાંભવા, નેહલબેન રાઠોડ, જયસુખભાઈ યાદવ, અમરેલી આરોગ્ય ટીમ વગેરે હાજર રહ્યાં હતા.

## મોદી સરકારનાં ૯ વર્ષ પૂર્ણ થતાં ભાજપ દ્વારા કાર્યક્રમનું થયું આયોજન

# અમરેલીમાં નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા "સંપર્કથી સમર્થન" કાર્યક્રમ યોજાયો

**૩૦ મેથી ૩૦ જૂન સુધી ભાજપ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે**

**જે અંતર્ગત અમરેલી ખાતે વિશિષ્ટ વ્યકિતઓ અને પરિવારોની મુલાકાત કરવામાં આવી રહી છે**

**કેન્દ્ર અને રાજય સરકારે જનહિતમાં કરેલ કાર્યોથી જનતાને માહિતગાર કરવામાં આવી રહ્યાં છે**

**ધાર્મિક સંસ્થાનાં વડાઓ, શિક્ષણવિદ્, કાનૂનવિદ્, કથાકારની મુલાકાત કરવામાં આવી**



અમરેલી, તા. ૮

૩૦ મે ૨૦૨૩ ના રોજ દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીનાં નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં ભાજપ સરકાર તેનાં નવ વર્ષ પૂર્ણ કરી ચુકી છે. ત્યારે ૩૦ મે થી ૩૦ જુન ૨૦૨૩ સુધી ભાજપ સગં ઠન ધ્વારા વિવિધ કાર્યક્રમ તમામ જિલ્લા, મંડલ અને શકિત કેન્દ્ર અને બુથ પર કરવાનું આયોજન કરેલ છે તથા વિશેષ જન સંપર્ક અભિયાન પેટે ધારાસભ્યો, સાંસદ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાપાનાં ચુંટાયેલા પ્રતિનિધિઓ અને ભાજપ સંગઠનનાં હોદેદારોને આ કાર્યક્રમ અંતર્ગત પ્રવાસ કરવાની જવાબદારીઓ સોંપેલ છે.

ભારતીય જનતા પાર્ટીનાં શીર્ષ નેતૃત્વએ જન સંપર્ક કાર્યક્રમ અંતર્ગત સંપર્કથી સમર્થનનો કાર્યક્રમ આપેલ. જેમાં જિલ્લાની દરેક વિધાનસભા મત વિસ્તારમાં રહેતા પ્રભાવશાળી વ્યકિતઓ અને તેમનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સાવરકુંડલા નજીક આવેલ

## બાઢડા ગામે ફાર્મસી કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીની છેડતી કરતો શૈલેષ વીરાણી

અમરેલી, તા. ૮

અમરેલીમાં લાઠી રોડ ઉપર રહેતી એક ૨૦ વર્ષિય વિદ્યાર્થીની સાવરકુંડલા તાલુકાનાં બાઢડા ગામે આવેલ ફાર્મસી કોલેજમાં અભ્યાસ કરતી હોય. ત્યારે તેણી આજે કોલેજ ખાતે જતી હતી ત્યારે બાઢડા ગામે રહેતા આરોપી શૈલેષ વીરાણી નામનાં ઈસમે આ વિદ્યાર્થીનીનો હાથ પકડી છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા તેણીએ અભ્યમ ૧૮૧ની મદદ લઈ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### લાઠી નજીક આવેલ

## ધામેલ ગામે રહેતી મહિલાએ અગમ્ય કારણોસર એસીડ પી લેતા મોત

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાનાં ધામેલ ગામે રહેતા દક્ષાબેન મુકેશભાઈ મકવાણા નામનાં ૩૭ વર્ષિય મહિલાએ ગત તા. ૬નાં રોજ પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે એસીડ પી લેતા તેણીને અમરેલીનાં ખાનગી દવાખાને ખસેડવામાં આવેલ જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું દામનગર પોલીસમાં જાહેર થવા પામેલ છે.


ધોરણ - ૧૦ (વર્ષ : ૨૦૨૨-૨૩)નું ઉજજવળ પરિણામ



A1 સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ (ગણિત વિષય) બાબરા તાલુકામાં દ્વિતિય

કરડ જિયા કાળુભાઈ 99.66 P.R. ગણિત - 100/100

પ્રવેશ કાર્ય શરૂ ધોરણ ૧૧-૧૨ (કોમર્સ-આર્ટસ)

પંચશીલ શાળા પરિવાર તરફથી ઉત્તિર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન...

| | | | | |
|---|---|---|---|---|
| મેર ધૈર્યા 98.79 P.R. | રજડ દિપાક્ષી 98.73 P.R. | પાડલીયા મયુર 98.01 P.R. | ખોખરીયા શુભમ 95.77 P.R. | રાજપોપટ જીત 94.54 P.R. |
| હપાણી કૃતિકા 93.00 P.R. | તૈરૈયા નેન્સી 92.86 P.R. | વાઘજા બિનલ 92.86 P.R. | પાંભર માધવી 95.91 P.R. | સાંગાણી નંદની 91.76 P.R. |
| પાનસેરીયા જેનીલ 91.76 P.R. | માંગરોલિયા અવની 91.44 P.R. | ગોલાણી હાર્દિક 91.44 P.R. | પઢિયાર ધ્રુવી 90.59 P.R. | ગોહિલ હાર્દિક 90.07 P.R. |

યોગીનગર, ચિતલ રોડ, અમરાપરા, બાબરા.

Step To Success PANCHSHIL SCHOOL

પંચશીલ સ્કૂલ સંચાલિત

ઓમ વિદ્યાલય - બાબરા

ધોરણ ૧૨ (H.S.C) ૨૦૨૩ પરિણામના તેજસ્વી તારલાઓ

બાબરા પ્રથમ



સિદ્ધપુરા વિવેક 99.58 P.R.

| | | | | |
|---|---|---|---|---|
| A2 ધરજીયા વિશાલ 98.71 P.R. | A2 ગેલાણી ધૃતિ 98.12 P.R. | A2 ગોહેલ ગૌરાંગ 96.51 P.R. | A2 કારિયા વિવેક 96.34 P.R. | A2 કારેટીયા શુભમ 96.25 P.R. |
| A2 વાઘેલા વનરાજ 95.77 P.R. | A2 રાખસીયા પ્રિન્સ 95.77 P.R. | A2 રાઠોડ હર્ષ 94.62 P.R. | B1 રાઠોડ સુમિત 92.77 P.R. | B1 ખખ્ખર હર્ષ 92.51 P.R. |
| B1 ઠેસિયા કિશા 91.57 P.R. | B1 સોલંકી રાજકુંવર 91.43 P.R. | B1 રાજપોપટ જય 90.53 P.R. | | |

નોંધ : P.R. 90 ઉપર લાવનાર વિદ્યાર્થીની સંખ્યા = 14 ■ P.R. 80 ઉપર લાવનાર વિદ્યાર્થીની સંખ્યા = 12

આવા ઉત્કૃષ્ઠ પરિણામ માટે સફળ માર્ગદર્શન આપનાર તમામ સ્ટાફને શાળા પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)